સુખનો—સાક્ષાત્કાર



: લેખક :
સંતબાલ

પુષ્પાંજલિ

સદ્ગત પિતાજી ગોવરધન ઝીણાભાઈ રવાણી !

આપની ધર્મશ્રદ્ધા અને નિર્મલ પ્રેમની સ્મૃતિ
ને સારૂ આ "સુખનો સાક્ષાત્કાર" નામની
પુસ્તિકા દિનકરના ગ્રાહકોદ્વારા પુષ્પપાખડીરૂપે
પાઠવું છું

આપનો પુત્ર
ફુલચંદ રવાણી

શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન
અન વા નગકથી જૈનશાળાઓના
ઉપયોગ માટે ભેટ

મુદ્રક
અંબાલાલ કેશવલાલ જોશી
ગીતા પ્રિન્ટીંગ પ્રેસ
લાન દરવાજા . અમદાવાદ



નિવેદન

સ્વાગી બન્ધુ વાચ્યા પછી તેની ઉદારતા પ્રત્યે આદર થયો અને પ્રેમપૂર્વક વાચવાનુ ચાલુ રાખ્યુ તેમ તેમ તે ઉપરની પ્રીતિમા વધારો થતો ગયો આ પત્રના નામનો પન્ટો અને સચાલનની સુદરતા જોઇ, એટલે તે પ્રીતિને સેવાના રૂપમા પરિણત કરવાની તીવ્ર અભિલાષા જાગી

તત્રી પાસે પત્રની સેવા માટે ભિક્ષા મ ગી તેણે કહ્યુ આપ તો જાણોજ છો, મને શા માટે પૂછો છો ' હુ સમજી ગયો અને નાપરિ ા નિકર' પહોચે તે સાથેજ તેના ગ્રાહકોને શિષ્ટ વાચનની પુસ્તિકા મળે તેવા વિચારો સ્ફૂર્યા

દિવસો ઘણા ટુકા હતા જૈન શાસનનુ મહાપર્વ 'પર્યુષણ' નજીક આવતુ હતુ


આટલાજ સમયમા આ ધારણા પાર પડશે કે કેમ તે શકા દિલમા ઘોળાયા કરતી હતી

આપવુ તો કઇક નવીનજ આવુ પ્રેરણા જાગે તેવુ આપવુ ચિંતનીય અને રંગનુ સાહિત્ય આપવુ આ ભાવના કવિવર્ય શ્રી.નાનચદજી મહારાજના સુશિષ્ય શ્રી લઘુશતાવધાની પ સૌભાગ્યચદ્રજી મહારાજને વ્યક્ત કરી અને કઇક પણ લખી આપો એવી આગ્રહ વિનતિ કરી તેઓશ્રીએ મગળ પ્રભાત ૨૧-૮-૩૪ થી શરૂ કરી મગળ પ્રભાત ૮-૮ ૩૪ સુધીમા એટલે માત્ર સત્તર દિવસમા લેખન તૈયાર કર્યું, અને મારા હાથમા આપ્યુ

આ પુસ્તક મને તો ખૂબજ રસપ્રદ અને પ્રેરણાજનક નીવડ્યુ છે અને તેથીજ આજના યુગને બધબેસતુ આ ધાર્મિક સાહિત્યનુ અને સર્વગ્રાહ્ય શૈલી તથા સ્પષ્ટ ભાષાથી લખાયેલુ પુસ્તક પ્રગટ કરી, મને મળેલી સેવાનો વાચક તરફથી આભાર માની ગૌરવ લઉ છુ

ફુલચદ ગોવરધન સ્વાણી

પરિશિષ્ટ.


સૌ જીવોનું સાધ્ય
સુખ
સુખનું નિદાન
આત્મા
આંતરિકસુખ
બાહ્યસુખ
શુદ્ધપ્રેમ
બ્રહ્મચર્ય
સર્વાર્પણ
સંયમ
જાગૃતિ
ત્યાગ
અહિંસા
સદિચ્છતા
સ્વાવલંબનથી
સમાજનાં બંધારણથી
સ્વધર્મનું પાલન
આવેશનો નિરોધ

પરિશિષ્ટનું પ્રદર્શન

વિશ્વમા અનત પ્રાણિઓ વસે છે એ દરેક માણસને માઈ પ્રવૃત્તિ કરતા જોવામા આવે છે તેને તપાસવામા આવે તો તેના ઉત્તરો જુદી જુદી રીતે મળે છે પ્રવૃત્તિના સાધનો પણ ભિન્ન ભિન્ન દષ્ટિગોચર થાય છે, છતા એ બધાનુ અતિમ કે હાર્દિક લક્ષ્ય તો માત્ર સુખનુ જ હોય, તેથી આ પુસ્તકમા બન્ને સુખના સાક્ષાત્કારનો વિષય જ ચર્ચવામા આવે છે, અને આ પુસ્તકનુ નામ પણ તદનુરૂપ સુખનો સાક્ષાત્કાર રાખ્યુ છે

આ પુસ્તકના બે ખડ છે તેમા જુદા જુદા વિષયોના પદર પ્રકરણ અને એક વિનાશનો રાજમાર્ગ" પ્રકરણ મળી કુલે સોળ પ્રકરણો છે

આ પુસ્તકનુ' પહેલુ પ્રકરણ ' સુખનુ નિદાન ' છે તેમા બન્ને પ્રકરણના વાસ્તવિક સુખની વિચારશ્રેણિ વૈજ્ઞાનિક દષ્ટિએ મૂકવામા આવી છે અતમા ' આત્મા એ જ સુખનુ સ્થાન" જ્યારે સિદ્ધ થાય છે ત્યારે આત્મા એ શુ ? આ પ્રશ્ન સહજ ઉઠે છે તેથી બીજા પ્રકરણમા ' આત્માએ શુ ?" એ જ વિષય માત્ર ચર્ચ્યો છે

જે સુખ પ્રાપ્ત થવાનુ છે, તેના બે પ્રકાર કુટે છે એક બાહ્ય અને બીજુ આતરિક, આતરિક સુખની પ્રાપ્તિ માટ પ્રથમ વિભાગમા આત્માને ઓળખવાના સાધનો ક્રમવાર ગોઠવવામા આવ્યા છે, તેમ જ બાહ્ય સુખની પ્રાપ્તિ માટે મળેના સાધનોમા જે તત્ત્વો બાધા ઉપજાવે છે અર્થાત્ આત્માની ઓળખાણમા ડખલ કરે છે તેને નિવારવાના ઉપાયોની સાધનિકા પણ દ્વિતીય ખડમા બતાવવામાં આવે છે

મનવાન આત્માઓને આતરિક સુખની જ અભિલાષા વિશેષ રહે છે, માટે જ આતરિક સુખના સાધનોને પ્રથમ વિભાગમ સ્થાન અપાયુ છે

આત્માની ઓળખાણ માટે આ પુસ્તકમાં ત્રણ માર્ગો રાખ્યા છે, અને તેનો બ્રહ્મચર્ય સર્વાર્પણ અને પ્રેમના નામે ક્રમશ નિર્દેશ કર્યો છે આ ત્રણે માર્ગો ભિન્ન હોવા છતાં તેનો પારસ્પરિક સંબંધ છે જ તેથી બ્રહ્મચર્યને મુખ્ય ગણી તેમાં તેના સાધનોનો સમાવેશ કર્યો છે અને ત્યાર પછીના પ્રકરણમાં સર્વાર્પણ અને પ્રેમને મૂક્યા છે

બ્રહ્મચર્ય રક્ષણમાં સંયમની પરમ આવશ્યકતા હોવાથી બ્રહ્મચર્યના ત્રીજા પ્રકરણથી ચોથું પ્રકરણ સંયમનું છે સંયમ અને ક્ષાવિક બ્રહ્મચર્યનું આવશ્યક અંગ તથા ત્યાગનું બીજ કે જેને જાગૃતિ (વિવેક) કહેવામાં આવે છે તેનું સ્થાન પાંચમા પ્રકરણમાં છે ત્યાગ અને સાતમામાં ત્યાગનું પ્રેરક અંગ અહિંસા આવે છે આઠમા પ્રકરણમાં સંયમનું મૂળ સંકલ્પના અને નવમામાં સૌના અંતિમ પરિણામરૂપ નિર્ભયતાની ચર્ચા કરી છે સ્વતંત્ર માર્ગોના બે પ્રકરણ સર્વાર્પણ અને પ્રેમના ગોઠવી એ રીતે આત્મ ઓળખના પ્રથમ ખંડની પૂર્ણાહુતિ કરી છે

બીજા વિભાગમાં બાહ્ય સુખનું વર્ણન છે તેની બે શ્રેણિઓ છે એક સ્વાવલંબન અને બીજી સમાજ વ્યવસ્થા

આ બન્ને માર્ગમાં સ્વધર્મનું પાલન અને આવેશના નિરોધની તો ક્ષણે ક્ષણે જરૂરિયાત હોય તો ક્રમશ મૂકવામાં આવ્યા છે આ પ્રમાણે બન્ને વિભાગો સમાપ્ત થઇ જાય છે

જે બધા પ્રકરણો એક બીજાના પોષક છે તેમ બન્ને વિભાગો પણ એક બીજાના સંબંધી છે તે ન ભૂલવું જોઇએ। આથી બાહ્ય સુખનાં સાધનો ને જાળવવાથી કે સુચારૂ ઉપયોગ થવાથી આંતરિક સુખનો માર્ગ મોકળો થાય છે તેમ સમજવામાં પણ કંપ (હાનિ) નથી

આ બધા પ્રકરણોનો સારાંશ ટુંક રૂપે વિકાસના રાજમાર્ગમાં દાખલ કરી તેનું સોળમું પ્રકરણ ઉમેર્યું છે

સૌને પરિશિષ્ટનો નકશો જોઇ લેવાથી, બધું સ્પષ્ટ સમજી શકાશે, માટે તેને જોઈ લેવાની કાળજી રાખવી

સંતબાલ

ખંડ ૧ લો.

અનુક્રમણિકા

ખંડ બીજો.

બાહ્ય સુખનાં સાધનો

ઉદારચરિત કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજની પ્રસાદી.

તમારૂં છે તમારામાં.

[illegible]

નથી [illegible] [illegible]
નથી [illegible] [illegible] ॥૧॥
નથી સુખ પુત્ર પરિવારમાં નથી [illegible]
[illegible] તમારે છે તમારામાં ॥
નથી [illegible] [illegible]
[illegible] તમારે છે તમારામાં ॥૨॥
નથી [illegible] [illegible]
[illegible] તમારે છે તમારામાં ॥૩॥
[illegible] નથી સુખ [illegible]
[illegible] તમારે છે તમારામાં ॥૪॥
નથી વિદ્યા [illegible], નથી [illegible]
નથી કોઈ સ્થાન [illegible], તમારે છે તમારામાં ॥૫॥
નથી મહેલો [illegible] નથી ધનના [illegible]
સ્વરૂપ છે આતમા [illegible] તમારે છે તમારામાં ॥૬॥

[illegible]

મંગલ પ્રભાત
તા ૨૧ ૮ ૧૯૫૪

સુખનું નિદાન

ઉષા ખીલી છે, પ્રકૃતિ નવ સૌદર્ય સજે છે, પક્ષિઓ કલરવ કરે છે, અરૂણરાજ દિનકરદેવના વધામણા આપી જીવનોને જગાડે છે

આવેજ સમયે વિશ્વનો યાત્રી [જીવાત્મા] જાગે છે, અને પ્રશ્ન કરે છે કે 'પ્રવૃત્તિ શી ? અને શા માટે '

મારો તમારો કે યાત્રી એકલાનો આ પ્રશ્ન નથી આ પ્રશ્નનો આખાએ વિશ્વનો છે સૌ કોઇ સુખી જીવન ગાળવા લસે છે ૭૨ નાત્ર સુખને ચાહે નાના મોટા જીવજંતુની અપેક્ષાએ કીડીથી માંડીને કુંજરસુધી, આયુષ્ય માનની અપેક્ષાએ બાળપણાથી લઇને મરણના છેડા સુધી, અને પુર્નભવના સિદ્ધાંતોની અપેક્ષાએ અનંત કાળથી માંડીને આજ સુધી—પ્રત્યેક જીવન અને પ્રત્યેક અવસ્થાઓમાં આજ કોયડુ ઉકેલવાનુ સામે રહી જાય છે, અને આપણે જીવનની અનેક યાત્રાઓ વટાવ્યા પછી પણ ત્યાના ત્યાજ રહીજઈએ છીએ હજુ પણ એ પ્રશ્ન તો આપણી સામે ઉભો જ છે કે પ્રવૃતિ શા માટે ? પ્રવૃત્તિનો હેતુ જો સુખજ હોય તો સુખ શુ ? એ આપણે જો સુખજ હોય તો વૈજ્ઞાનિક દ્દષ્ટિએ વિચારવુ જોઇએ

સુખના બે પ્રકાર

શાસ્ત્રકારો સુખને બે ભાગમા વહેચે છે એકને આંતરિક અને

વેગે ઉડવું, સાધન વિના થોડી જ ક્ષણોમાં દૂર દૂર પહોંચી જવું, આધાર વિના પૃથ્વી કે પાણીથી અધર રહેવું, અન્ન વગર જીવિત રહેવું." વિગેરે વિગેરે. આવી સિદ્ધિઓ સંસારના સામાન્ય વર્ગને લલચાવે ખરી; પરન્તુ આમાં પણ સાચા સુખનું તો બિન્દુએ નથી.

દેવોની દુનિયા શાસ્ત્રકારો બતાવે છે. ત્યાં આવી સિદ્ધિઓ ઉપરાંત એવી વિપુલ ઋદ્ધિ હોય છે કે માનવી દુનિયાની સંપૂર્ણ સંપત્તિને એકઠી કરીએ તો પણ એક સાધારણ ગણાતા દેવની સંપત્તિ આગળ તે બિલકુલ તુચ્છ ભાસે છે; ઉપરાંત યૌવન, શારીરિક બલ, કાન્તિ અને એકાન્ત ભોગોનાં ઉચ્ચ સાધનો એવાં હોય છે કે જેની વાંછના અસામાન્ય ગણાતો મનુષ્ય પણ છોડી શકતો નથી. આ બધું હોવા છતાં ત્યાં દેવોના જીવનમાં પણ તૃપ્તિ તો લેશ માત્ર નથી.

આપણે પોતે જોઈ શકીએ છીએ અને ઘણા વખતથી અનુભવી રહ્યા છીએ કે આવી જાતનાં બાહ્ય સુખની કામનાથી ઘણા પ્રયત્નો કરવા છતાં આપણે ઇચ્છિત વસ્તુ પામી શક્યા નથી; તેથી જ અતૃપ્ત છીએ એટલે આપણી અતૃપ્તિ અકારણ નથી પણ સકારણજ છે એમ સમજી લેવું ઘટે !

લાખો મળે તો કરોડોની; કરોડો મલે તો અબજની એમ ઇચ્છા સતત રહ્યા કરે છે. વિષય સુખ ભોગવ્યા છતાં વારંવાર ભોગવવાની; એક કરતાં અનેકને ભોગવવાની; વિકૃત રીતે ભોગવવાની એવી એવી વાસના વૃદ્ધિ પામ્યા કરે છે. એજ રીતે નાની સત્તા મળે તો મોટી સત્તા અને સામ્રાજ્ય મેળવવાની એમ ઇચ્છાઓની પરંપરા ચાલ્યા જ કરે છે.

માથા પર અગ્નિ મૂકી આપણે ઠંડકની આશા રાખીએ તે

જેટલી અસ્થાને છે; તેટલી જ આ વસ્તુઓમાં સુખની આશા રાખવી નિરર્થક છે. કારણ કે તે પોતે કોઇ જાતના સુખરૂપે તો નથી જ બલ્કે બહુધા એકાન્ત દુઃખના જ મૂળ છે.

શાસ્ત્રકારોએ ગમે તે અપેક્ષાએ ભલે, ધન, સત્તા કે એવી બીજી વસ્તુઓમાં બાહ્ય સુખ મનાવ્યું હોય. પરંતુ ઉંડાણથી જોતાં આંતરિક કે બાહ્ય કોઇપણ જાતનું સુખ તેના પોતામાંથી ઉપલબ્ધ થતું જ નથી જો વ્યવસ્થા અને વિવેકનો ઉપયોગ થાય તો કદાચ તે આત્મશોધનના સાધન થઇ પડે તે માનવા યોગ્ય છે; પરંતુ તેને પોતાને સુખ રૂપ માની લેવાં તેતો સરાસર આપણી મૂર્ખતાનું જ પ્રદર્શન છે.

વિશ્વનો સાર્વત્રિક નિયમ છે કે જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર કદિ ન રહી શકે: એટલે સુખ ગમે તે રૂપમાં અને ગમે તેવું અલ્પ હોય; તેમાં લેશ માત્ર પણ તેના પ્રતિપક્ષી લેશમાત્ર દુઃખ ન જ હોઇ શકે !

સુખની કલ્પના જેટલી મનોહર છે, સુખના સાક્ષાત્કારની લાગણી જેટલી ભવ્ય છે; તેટલુંજ તેના સાધનોમાં પણ સુખજ હોવું જોઇએ ! અલબત એ બનવા યોગ્ય છે કે બધા ઉચ્ચ નીચ ભૂમિકાના મનુષ્યો (સમજ–અસમજના પ્રભાવે) તેમાં એક સરખો રસ ન લૂંટી શકે કે આચરવાને અસમર્થ પણ નીવડે; પરંતુ તેથી શું ! સુખના સાધનોમાં તો સુખનો આભાસ કે અભાવ માનવાનું લેશમાત્ર કારણ નથી.

મને તો લાગ્યુ છે કે આપણે સુખનું નિદાન કરવામાં જેવી જબ્બર ભૂલથાપ ખાધી છે તેવી ક્યાંય ખાધી નથી; આથીજ મનુષ્યને મેડી, બાગ, બગીચા અને બંગલાઓ વિગેરે ગમે છે. સંતાન પ્રાપ્તિની ચિન્તામાં માનવી સળગ્યા કરે છે. અધિકારના કોઇ

સેવવામાં જીવનનાં જીવન સમાપ્ત કરી મૂકે છે. વાસનાના વમળમાં ઉચ્ચસ્થાને પહોંચ્યા પછી પણ પતિત થયાના દાખલા મળી આવે છે.

તત્ત્વચિંતક ગણાતા આપણે પોતે આજ પણ લગભગ તે ઘરેડમાં એક યા બીજી રીતે ઘસડાઇ રહ્યા છીએ; તેથી જ્યાંસુધી સુખના સાચા નિદાનનો ઉકેલ ન થાય ત્યાંસુધી આરામ, શાન્તિ કે સંતોષ જીવનમાં ઉતરેજ કયાંથી ?

પૂર્વકાલના ઇતિહાસમાં એક સાર્વભૌમ મહારાજાએ એક મહાત્માને પ્રશ્ન કર્યો હતો કે હું સુખી કેમ થઉં ? " તેણે કહ્યું કે કોઇ સુખી માણસ હોય તેનું પહેરણ લાવી તું પહેરીશ તો તને સુખ થશે " તેણે સંપત્તિવાળા ધનિકોને બોલાવીને પૂછ્યું તથા મહારાષ્ટ્રના સમ્રાટોને ત્યાં જઇ તેણે જોયું; બીજું બધુંએ હતું પરંતુ ત્યાં પણ સુખ તો નહોતુંજ બહુ બહુ શોધ કર્યા પછી સ્મશાન ભૂમિકામાં મસ્ત પડેલો એક સુખી માણસ તેની નજરે પડયો ખરો પરંતુ તેની પાસે પહેરણ ન હતું. સારાંશ એ છે કે જ્યાં પહેરણ હતું ત્યાં સુખ નહતું; અને સુખ હતુ ત્યાં પહેરણ ન હતું.


આ ઉપરથી આપણે સ્પષ્ટ સમજી લેવું જોઇએ કે ઐહિક કે લૌકિક કોઇપણ સુખની વાસના હૃદયના ગર્ભમાં સ્થૂળ રૂપમાં કે સૂક્ષ્મ રૂપમાં હોય ત્યાં સુખને બદલે પરિતાપ અને શાન્તિ ને બદલે શોક જીવનમાં સંચરે।

ત્યારે હવે સુખ કયાં છે ?

તેજ આપણી સામે પ્રશ્ન રહે છે. તેનો સીધો અને સરલ ઉત્તર એ છે કે પહેલાં સુખ શું છે ? એ સમજી લેવું. સુખનો સાક્ષાત્કાર જ્યાં સુધી ન થયો હોય ત્યાં સુધી સુખની કલ્પના

પણ આપણે શી રીતે કરી શકીએ ? માટે સુખ જ્યાં છે તે પદાર્થની શોધ કે ગોધનો પ્રયત્ન કરવાની આપણી પ્રથમ ફરજ ઉભી થાય છે સુખ એ આત્માનો ગુણ છે અને પદાર્થની શોધ થશે તો તેનો ગુણ તો સહેજે મળી આવશે

એટલે આપણે જેટલી ખાની ચિંતા કરીએ છીએ તે કરતાં વધુ આત્માની ઓળખ માટે ચિંતા કરીએ તો સુખનો સાક્ષાત્કાર સહજ રીતે થઇ રહે ! આથી જ સુખનું નિદાન અંતર આત્મા છે, તો તેને ઓળખવા માટે આપણે પ્રયાસ આદરી દેવો જોઈએ



આત્મા એ શું ?

૨

એવો પ્રશ્ન જ ન હોઇ શકે ? અને હોય તો તેનો ઉત્તર તો નજ હોઈ શકે, કારણકે તે અવાચ્ય છે તેમ બુદ્ધિગમ્ય પણ નથી છતા બુદ્ધિસમાધાન અર્થે થોડો પ્રયત્ન કરી લઇએ.

આત્મા શબ્દ અત્ ધાતુથી બનેલો છે, તેનો અર્થ જ્ઞાનવાન થાય છે ભારતીયદર્શનો તેને જીવ, ચેતન, બ્રહ્મ એમ ભિન્ન ભિન્ન રૂપે વર્ણવે છે, પાશ્ચાત્યવાદોમા તે Power કે Soul નામે ઓળખાય છે

જો કે ઘણાવાદો અને વિચારો આપણી સામે પાશ્ચાત્ય સંસ્કૃતિમાથી એવા ઉત્પન્ન થયા છે કે જે આત્મતત્ત્વ મગજમા શાન્તીન છે પરંતુ તો પણ શરીર અને ઇંદ્રિયોથી ભિન્ન એવી કોઈ વસ્તુ તો લેવીજ પડે છે જેથી શબ્દરૂપે નહી તો અર્થરૂપે આત્માનો સ્વીકાર તેમા સ્વયં આવી જાય છે

આપણે શરીરને જોઇ શકીએ છીએ, ઇંદ્રિયોને નિહાળી શકીએ છીએ, તેવી રીતે આત્માને જોઇ શકાય નહી, કારણ કે તેના દર્શન તેવા સરલ નથી, છતા આપણે અનુમાનથી તે હમેશા તેનુ તેજ અવ્યક્ત પણે પણ અનુભવી જ રહ્યા છીએ 'શરીરમા જે કઈ ક્રિયાઓ થઇ રહી છે તેનુ સંચાલન કોણ કરે છે ? દૃશ્ય પદાર્થોનો

અવરોધ કોણ કરે છે? આ પ્રશ્નનો જવાબ શું આપીશું? જેવું સમાધાન થતી વખતે અણુ અને સારથીનું અસ્તિત્વ અમે ન જોવા છતાં અનુમાનથી માની લઈએ છીએ તેમ આત્માનો સ્વીકાર પણ કરી જ લેવા જોઈએ

એકના મન ઉપર આપણે આખા શરીરના સંચાલનનો ભાર ન ઢોળી શકીએ કારણ કે આપણી સુપ્ત અવસ્થામાં પણ અનેક ક્રિયા તો ચાલુ જ રહે છે તે ક્રિયાનો કરનાર મનથી નિરાળો બીજો કોઈ માનવો જ પડે છે તે જ્યાં સુધી આપણા દેહમાં વિરાજે છે ત્યાં સુધી જ જડથી બનેલો દેહ પણ સુંદર દેખાય છે અને સરસ કામ આપી શકે છે તે ગયા પછી તેની સુંદરતા તથા સર્વ પરાક્રમતા એ બધું ચાલ્યું જાય છે અને તેને ભસ્મીભૂત કરી નાખવો પડે છે આવી મુખ્ય વસ્તુ તે બીજી કોઈ નહીં પણ તે જ દેહનો સારથી આત્મા પોતે જ છે

એ આત્મતત્ત્વના અનુભવ વિના આપણે તેની કે તજ્જન્ય સુખની સીમા ન આંકી શકીએ છતાં તેની અદ્ભુત શક્તિ તો આપણે ઓછી વત્તી ઘણીવાર જોઈ શકીએ છીએ સ્વામી રામતીર્થ પોતાના અનુભવમાં બતાવે છે કે એક તરફ કરોડો દાનવોનું બળ હોય અને બીજી તરફ આત્માની એક જ ચિનગારી હોય તો દાનવી બળ ભસ્મીભૂત બને છે આત્માની અડોલતા મેરુને પણ કંપાવી શકે છે લાખો કરોડો પાશવિક બળો અને શસ્ત્રો એક માત્ર સંકલ્પથી હણાઈ જાય છે આ બધું કેવળ આત્માની ઓળખથી જ થઈ શકે

આત્મા એ અમૃતનો ઝરો છે સુખનું સ્થાન છે અને અસ્ખલિત જ્ઞાનનો ભંડાર છે કરોડો જન્મના ઇન્દ્રિયજન્ય સુખો જે શાંતિ નથી અર્પી શકતા તે એક જ માત્ર આત્માનું કિરણ અર્પી

શકે છે જૈન દર્શનકારો આ તત્ત્વને અતગાત્મા કહે છે પરમાત્મ તત્ત્વની ઝાંખી અનગાત્માની જાગૃતિ થયા પછી જ થાય છે

અનુભવી પુરૂષો કહે છે કે **या विद्या सा विमुक्तये** બધી વિદ્યાનું લક્ષ્ય આત્મમુક્તિ જ છે હજારો જ્ઞાનના પુસ્તકો વાચ્યા પછી પણ અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો " એમ ન કહી શકાય કે આત્મા આવો કે આત્મા તેવો ! ત્યા તો આપણે અનિર્વાચ્ય-કહીને ચૂપ થઈ જવુ પડે કારણ કે **यत्र वाचो निवर्तन्ते** ત્યા વાણી કે શબ્દ પહોચી શકે નહિ

આવા પરોક્ષ વસ્તુ હોવા છતા તેને ઓળખવાની આપણી સાચી જીજ્ઞાસા તો છેજ જ્યારે જીજ્ઞાસા ક્રિયા રૂપે પરિણમે છે, ત્યારે અવાજ આવે છે કે **मोको कहाँ ढुंढे बंदे मैंतो तेरे पासमें** ' હે પ્રાણિ ! જેને તુ શોધે છે તે હુ તારી પાસે જ છુ

પાસે હોવા છતા વસ્તુ જ્યારે ન દેખાય ત્યારે સમજી લેવુ જોઇએ કે આપણને કા તો જોવાની દૃષ્ટિ નથી અને કાં તો આપણે તેનાથી વિમુખ છીએ આપણે તો આ બન્ને કારણોથી જકડાએલાં છીએ એટલે આત્મ દર્શન માટે હૃદય શુદ્ધિ અને વિમુખતા ટાળવા માટે ક્રિયા એ બન્નેને તૈયાર કરવાની જરૂર છે

કોઇ પ્રશ્ન કરે છે કે શુ આત્માને પ્રત્યક્ષ ન કરી શકાય ? હા પ્રત્યક્ષ કરી શકીએ ખરા પણ આપણે આજની બાહ્યદૃષ્ટિથી નહિ બાહ્ય પ્રણાલિકાથી નહિ તેને તો શોધવા માટે તેવાજ સાધનો ને તેવીજ દૃષ્ટિ પ્રગટાવવી ઘટે જો એ ઇચ્છા હોય તો તેના સાધનો આપણે અનુક્રમે લઇએ

બ્રહ્મચર્ય

૩

આત્મશોધના સાચા જીજ્ઞાસુએ સૌથી પહેલાં આ વસ્તુને
ઊંડાણથી સમજી લેવી જોઈએ અને બધા એકત્રિત બળથી તેને સાધવા
સાવધ રહેવું જોઈએ

બ્રહ્મચર્યની આપણે પ્રચલિતમાં જે વ્યાખ્યા કરીએ છીએ તે
બહુ સાંકડી વ્યાખ્યા લાગે છે સમાજમાં પ્રચલિત વ્યાખ્યા એ છે કે
પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રીને ન ભોગવે તે ગૃહસ્થ બ્રહ્મચારી
ગણાય અને કોઈ પણ સ્ત્રીને ન ભોગવે તે કાયાની બ્રહ્મચારી ગણાય.
કાયાથી બ્રહ્મચર્ય પાળવું એ પણ ઇષ્ટ છે પરંતુ તેટલામાં
બ્રહ્મચર્ય મનની સમાપ્તિ થઈ જતી નથી કારણ કે બ્રહ્મચર્ય શબ્દ
વિશાળ છે તેનો સ્વાભાવિક અર્થ પણ બ્રહ્મમાં એટલે આત્મામાં
લીન થવું તે છે આત્મલીનતા મન વચન અને વર્તન એ ત્રણેના
દરેક ક્ષણે અને દરેક ક્ષેત્રમાં સંયમ રહે ત્યારે જ આવે પાછા મન
અને વર્તન આત્મલક્ષ ચૂકતા કે બ્રહ્મચર્ય ખંડિત થયું ! આથી
આપણે આત્માની ઓળખમાં બ્રહ્મચર્યને પ્રથમ સ્થાન આપીએ
તે જ બરાબર છે

ભગવાન મહાવીરે પણ બધા વ્રતોમાં બ્રહ્મચર્યને જ સમુદ્રની
ઉપમા આપી છે બીજા બધા વ્રતો તો નદીરૂપ છે જો બ્રહ્મચર્યનું
પાલન થયું તો બધા વ્રતો પળાયા સમજવા બ્રહ્મચારી હિંમત કે

મૃષાભાષી ન હોય તેમ પરિગ્રહી પણ ન હોય। એટલે બ્રહ્મચર્યનુ શુદ્ધ આચરણ થાય તેટલોજ આ મા હળવો બને, અને વિમળની વાટે વિહરે

તાત્વિક રીતે તપાસીશુ તો આપણા બધા દુ ખોનુ મૂળ વીર્યનું સ્ખલન દેખાશે **भोगे रोगभयं** અર્થાત્ ભોગ માત્રમા રોગો સમાયા છે, તેથી મૈથુન એ રોગોનુજ ઘર છે ગીતાજી તો ત્યાસુધી કહે છે કે કામથી ક્રોધ, સંમોહ, સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને ક્રમશ મૃત્યુ થાય છે કામ એ શલ્ય છે વિષયભોગ એ ભયકર વિષ છે વિષયી મનુષ્ય તન, મન અને ધનથી પતિત થાય છે તેના બચાવ કરવાના સાધનો હોવા છતા તેનાથી જ તે ડૂબે છે તેની ચિંતા અને અશાતિનો કોઇ પાર રહેતો નથી વીર્યહીન પોતાની જાતનુ પતન કરે છે એટલુ જ નહિ, બલ્કે સમાજ અને રાષ્ટ્રનુ પણ પતન કરે છે આજની રાષ્ટ્ર પરિસ્થિતિમા આ પ્રશ્નજ મુખ્ય કારણભૂત છે કારણ કે વીર્યક્ષરણથી પ્રજા નિર્બળ બને છે, નિર્બળ પ્રજા અસહિષ્ણુ હોય છે અને તે પોતાના ધર્મથી પતિત થાય છે, તેમ તેમ અધર્મનુ વાતાવરણ વધતુ જાય છે આખરે આખીપ્રજા બેકાર થઈ દેશની પાયમાલી કરે છે

ઉલટુ વીર્યરક્ષણથી તેજસ્વિતા આવે છે અને શક્તિ વધે છે જેટલા પ્રભાવિ પુરુષો થયા તે બ્રહ્મચર્યના પ્રતાપેજ બ્રહ્મચારી પોતાનુ કર્તવ્ય સમજે છે, એથી વીર્યહીન પ્રજાની ઉત્પત્તિ થતી નથી. અને પ્રજાનુ પણ આબાદ રક્ષણ થાય છે બ્રહ્મચારીનો ઘણો સમય ચિંતન, મનન અને નિદિધ્યાસનમા જાય છે પોતાનો સ્વાર્થ વગરી પરમાર્થમા તે જાગૃત રહી શકે છે, સારાશ કે આખા જીવનમા એજ એક ઉત્તમ માર્ગ છે જો બ્રહ્મચર્ય છે તો બધુ છે તે નથી,

તો કઈજ નથી તેથી જ કહ્યું છે કે मरणं विंदुपातेन जीवनं विंदुधारणात्। માટે બ્રહ્મચર્યનું પાલન બહુ આવશ્યકીય છે

કાયિકબ્રહ્મચર્ય

પાળનારે પોતાની સ્ત્રી કે પારકી સ્ત્રીનો વિકારમય સ્પર્શ કરવો નહિ એક આસને બેસવુ નહિં અંગને અંગ લગાડી બેસવું નહિં એક શય્યા તો ભૂલેચૂકે પણ ન રખાય। એક ઓરડામાં પણ રહેવું ન જોઇએ વિકારી દૃષ્ટિએ કોઇ પણ સ્ત્રી સામે ન જોવું જ્યાં વિકારી વાતાવરણ હોય ત્યાં પણ ન રહેવું કોઇ સુવાન બાળકના અંગોને પણ સ્પર્શ કરવો નહિ તે ન ભૂલવું જોઇએ.

વાચિક બ્રહ્મચર્ય

કોઇપણ વિકારી શબ્દો કે તેવી વિકારકર્ષક કથાઓ સાંભળવી નહિં અશ્લીલ ભાષણો પણ સાંભળવા નહિ બોલવામાં બહુ નિયમ રાખવો છતા ઉપર સંયમ એ બ્રહ્મચર્ય પાળવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે (જેનુ સંયમ પ્રકરણમાં વિસ્તૃત વર્ણન છે) તે ઘડી ઘડી યાદ રાખવુ જોઇએ

માનસિક બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યની ક્ષતિ ખાસ કરીને માનસિક કુસંકલ્પથી જ થાય છે સંકલ્પ ખરાબ થતા કે તુરતજ નાડી ગરમ થઇ વીર્ય બની જાય છે અને વીર્ય બન્યા પછી તેનુ ક્ષરણ થયા વિના રહેતું નથી ઇંદ્રિયો કોઇ સૌંદર્ય જુએ છે, મન લુબ્ધ બને છે, વાસના ઉત્તેજિત થાય છે, અને તે ચિત્ર માનસ પટ પર એવું તો સ્થાન લઇ લે છે કે પછી ખસતુ નથી

એક મહાન યોગીએ પોતાની જીવન પોથીમાં એક અનુભવ કહ્યો છે, જે બહુ સુંદર હોવાથી આપણે તેની નોંધ લઇએ છીએ "મે

બાળપણામાં શૃંગારમય એક દશ્ય જોયું, અવ્યક્ત રીતે માનસ સ્મૃતિમાં તેનો ફોટો પડી ગયો હું મોટો થયો, પૂર્વ સંસ્કારથી યોગ માર્ગમાં પ્રવૃત્ત થયો આજે ઉચ્ચ ભૂમિકાના અમૃત આરોગવા ધ્યાન લગાડું છું કે તુરત જ સામે આવીને તે ચિત્ર ખડું થઇ જાય છે ઘણીવાર બહિષ્કાર કરવા છતાં સુવાની માફક હૃદય કમળમાં ખૂચ્યા કરે છે" ખરેખર આ અનુભવને આપણે સમજી લેવો જોઇએ, અને આદર્શ બ્રહ્મચારી બનવું હોય તો માનસ પર અસર થાય તેવા કુત્સિત દશ્યો કદિ જોવા ન જોઇએ

ઘણા માણસોને આજકાલ સિનેમા સૃષ્ટિ અને નાટકોનો ખૂબ શોખ લાગ્યો હોય છે તે પોતે માને છે કે અમો કળાના પૂજારી છીએ ખરેખર તે તેમનો ભ્રમ છે આવા દશ્યો પ્રજામાનસ પર બહુ ખોટી અસર કરી મૂકે છે બનતા સુધી જવું અને ત્યાં સુધી કરેલા જ નહિ કદાચ થય તો તેનું સદ્વિચારથી નિવારણ કરી લેવું, પણ તેના તરફ ઉપેક્ષા ન કરવી નહીં આવી આ સામાન્ય ઉપેક્ષા ભયંકર પરિણામ નિપજાવે છે બુદ્ધદેવે તેને માલુવા નામની વેલી કહી છે, તે વેલ વધીને આખર તાડથી પણ ઉંચા વૃક્ષને નિચે જમીન પર પાડી મૂકે છે સારાંશ કે એક સામાન્ય પણ કુસંકલ્પ ન થાય તે માટે બ્રહ્મચારીએ સદા જાગૃત રહેવું જોઇએ.

મહાવીરના શ્રાવકો માટે "स्वदार सतोष" નામનું ચોથું અણુવ્રત છે. બ્રહ્મચર્યનું મૂલ્ય નહી સમજનારા તાત્વિક અર્થ સમજી શકતા નથી ને દુરૂપયોગ કરે છે પત્નીવાળા ગૃહસ્થને પણ નીતિશાસ્ત્ર કહે છે કે પ્રજોત્પત્તિના હેતુ સિવાયનો વિકારમય ભાવનાથી કરેલો કોઇપણ સંભોગ એ પાપજ છે એટલે ગૃહસ્થે પણ વિવેકપૂર્વક બ્રહ્મચર્ય તો પાળવાનું હોયજ છે કારણ કે ભવિષ્યની પ્રજામાં વિકારી ભાવના ન પોષાય તેવો વિવેક રાખવાનું ગૃહસ્થનું ખાસ કર્તવ્ય છે

ભારત એ તપોભૂમિ છે અને 'तवेसु वा उत्तम बम्भचेर' સર્વોત્કૃષ્ટ તપ બ્રહ્મચર્ય છે પૂર્વ તના ઋષિ મહર્ષિઓ પાસે બાલ જીવનથી માંડી પુખ્ત વય થતા સુધી રૂગ્ણિવાત બ્રહ્મચર્યપાલન માટે પ્રણ મૂકવામા આવતી ત્યા નમ્રતા સહનશીલતા અન્ય અને એવા ધાર્મિક સસ્કૃતિના ચતુરો જીવનમાં ચણાતાં અ જે આવી સ્થિતિમા પણ ભારતમા અદ્ભુત બ્રહ્મચારી પુરૂષો પાકતા છે મહાવીરના ત્યાગીઓને યાવજ્જીવન સર્વથા બ્રહ્મચર્ય પાળવાનુ હોય છે જૈન ગૃહસ્થો પણ સ્વપત્ની મર્યાદિત બ્રહ્મચર્યમાં માને છે એટલે તે તત્વનું જૈન દર્શનમા ને મહત્વપૂર્ણ સ્થાન છે

સ્વામી નહ્મનન્દ અને તનો શિષ્ય વર્ગ બ્રહ્મચર્યમા ખૂબજ માને છે દયાનંદ સરસ્વતી બ્રહ્મચર્યના મજેજ વીર થયા ગાંધીજીએ સપત્નિક બ્રહ્મચર્ય પાળી મેત્રયે ચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું અ જે ઘણાએ છૂપા છવાયા યુવા ગતો પત્ની હોવા છના બ્રહ્મચર્ય પાળી રહ્યા છે અને કેટલાક બ્રહ્મચર્યની ઉપાસનાના ઇચ્છુ છે એટલે ભારત માટે બ્રહ્મચર્ય નવીન વસ્તુ નથી

બ્રહ્મચર્યનુ નતત્વ મમ તવ તા મે રીતો આખો પ્રશ્ન પતી ગયા, કારણ કે જ્યા પોતેજ પોતાના જીવન નિમાણ સાધવા સમર્થ ન હોય શારીરિક આર્થિક અને માનસિક દ્દષ્ટિથી પીડાતા હોય, ત્યા પ્રશ્નનુ નવસર્જન કરી તે કોનુ ભલુ કરી શકવાનો હતો?

બ્રહ્મચર્યના પાલનાને બે આવશ્યક વાતો

૧ । બ્રહ્મચારી પુરૂષો બહુધા સ્ત્રી જાત પ્રત્યે તિરસ્કાર કે ધૃણાની દ્દષ્ટિએ ૧ । મઈ પડે છે द्वारमिमेक नरकस्यनारी' નારી એ નરકનુ દ્વાર છે એ સુભાષિત ને હૃદયમા પરિણમાવે છે અને તે માને છે કે આમજ બ્રહ્મચારી રહી શકાય છે અહિ

ગંભીર ભૂલ થાય છે. વસ્તુને નિંદવાથી વૃત્તિમાં નિંદા પેસે છે. અને ઘૃણા એ હિંસાનુંજ રૂપક હોવાથી અહિંસક રહેવાતું નથી. વળી મનનો હંમેશાં એવો નિયમ છે કે તેને જે વસ્તુ પર ચોંટાડવા ન ઇચ્છો ત્યાં બળાત્કારે ખેંચી જાય છે. આથી તે બ્રહ્મચારી આંખને નિવારે છે પણ તેના હૃદયની વાસનાનો વેગ તો વિકલ્પોથી ઉલટો વિકસિત થતો રહે છે. આવી રીતે લાભ કરતાં પરિણામે હાનિ વિશેષ થાય છે.

બ્રહ્મચારી પુરૂષે તો પોતાની દૃષ્ટિમાં અમૃત રેડવું જોઇએ. દ્રષ્ટિને નિર્વિકારી બનાવી લેવી જોઇએ. બ્રહ્મચર્યની તમન્નામાં રાત્રિને રાત્રિઓ જાગી સંકલ્પને સુધારી લેવા જોઇએ. ખાસ કરી સ્ત્રી જાત જે કોઈ નજરે પડે તે નાની બાલિકા હો કે યુવતિ હો યા વૃદ્ધા હો ગમે તે હો પરંતુ તેના પર એક માત્ર માતૃબુદ્ધિ રાખવી જોઇએ. માતૃભાવ એ સર્વોત્તમ ભાવ છે.

ઘણા પત્નીવાળા પુરૂષો બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લે છે. પરંતુ તેનું આરોપણ અને પ્રવર્તન પત્નીરૂપ હોવાથી તે મનસા અને વાચા તો જરૂર પતિત થાય છે અને ક્વચિત કર્મથી પણ પતિત થાય છે. એકાંતમાં પત્ની સાથે રહીને, બ્રહ્મચર્ય પાલનારે તો જીવનને તે પ્રતિજ્ઞા ખાતર 'सर्वं विलय मेतु' બધું નષ્ટ કરી મૂકવું જોઇએ. કેટલાક બ્રહ્મચારીઓ સ્ત્રી પ્રત્યે ભગિની ભાવ લાવવા મથે છે પરંતુ ભગિની ભાવ પણ બ્રહ્મચર્ય પાલન માટે અપર્યાપ્ત છે કારણકે ભગિનીની યુવાવસ્થા પછી તેણીનો નિત્ય સંયોગ ભાઇ સાથે હોતો નથી. એક માતાજ એવી વાત્સલ્ય ભાવી છે કે જે જીંદગી સુધી સાથે રહે છે. માતા લોહીને પણ દૂધમાં બદલી શકે છે. જેની આંખમાં સદાય પુત્ર માટે અમીની ખાણો ભરી પડી છે.

પુત્ર માતાની ક્ષુધાની પણ જુએ છે અને જર્જરિત દશા પણ જુએ છે; માતા પ્રત્યેનો પુત્ર પ્રેમ અવિકારી હોય છે કે જે ગમે તેવા સંયોગોમાં વિકૃત થતો નથી. આથી માતૃભાવ એ સર્વોપરિભાવ છે. તે ભાવજ જગતની નાની કે મોટી બહેનો પર કેળવવામાં આવે તો મનુષ્ય જીવનસુધી નિર્વિકારી રહીજ શકે.

જેવી બ્રહ્મચર્ય પાલનમાં શુભ સંકલ્પની આવશ્યકતા છે તેવી તન અને ઇંદ્રિયોના સંયમની પણ આવશ્યકતા છે કે જે આપણે આગલા પ્રકરણમાં વિચારવાનો પ્રયત્ન કરીશું.



સંયમ.

૪

શાસ્ત્રીય પરિભાષામાં સંયમનો અર્થ દીક્ષા કર્યો છે. વાસ્તવિક રીતે સંયમ સં+યમ્+અ=સંયમ એટલે સભાનપૂર્વક નિયમન કરવું તે અર્થ થાય છે. આમ થી ફલિતાર્થ બે નીકળે છે. એક ઇંદ્રિયદમનનો અને બીજો અપરિગ્રહવૃત્તિનો.

ઇંદ્રિયદમન એ બ્રહ્મચર્યનું આવશ્યક અંગ છે અને અપરિગ્રહવૃત્તિ એ સત્યનું [illegible] છે. આથી બ્રહ્મચર્ય અને ત્યાગના બે વસ્તુની વચ્ચે સંયમનું સ્થાન રાખવામાં આવ્યું છે.

વેદાંત પરિભાષામાં શમ અને દમ એ બે પ્રયોગ આવે છે. શમ એટલે ઇંદ્રિયનિગ્રહ અને દમ એટલે મનોનિગ્રહ. આ બન્ને અંગોનો સંયમમાં અંતર્ભાવ થઇ જાય છે.

ઇંદ્રિયદમન

જ્ઞાનેન્દ્રિયોમાં જીભ, ચક્ષુ, કાન, શરીર, નાક અને કર્મેન્દ્રિયોમાં હાથ, પગ, વાણી ઇત્યાદિનો સમાવેશ થાય છે. આ બધી ઇન્દ્રિયોપર કાબુ મેળવવાનો અભ્યાસ કરવો તેજ સંયમ છે. એક મહાપુરૂષે કહ્યું કે "ઇંદ્રિયો એ તોફાની ઘોડા છે અને મન એ મદોન્મત સારથિ છે. આ સારથિ અને ઘોડાઓની સંભાળ રાખનાર માલીક (આત્મા) સાવધ ન રહે તો શરીર રૂપ રથને તે ક્યારે અને કઈ ખાડામાં

પહેની દેશે તે કહી શકાય નહિ. ખરેખર આ વાક્યો ઉપર આપનુ ચાલીએ તો આપણી જીવન યાત્રા મંગલ થઇ જાય અને આપણુ સાધ્ય સ્હેજે સુલભ થાય

બ્રહ્મચર્ય પાળનારે કે આત્મશોધન કરનારે મોંપી પહેલા જીભને સભાળવી ઘટે અતિ રસવાળા ભોજનો કે તીખા તમતમતા ખાણાઓ લેવાથી ઇંદ્રિઓ ઉત્તેજિત થાય છે યાદ તમ ખુ કે તેવી ચીજો પણ શરીરમા ક્ષણિક ગરમી લાવી ઉત્તેજના કરી મૂકે છે બહુધા ભૂખ કરતા અધિક ખાવાથી કે વારવાર ખવાથી ... વિકૃત મસાલાં સ્વાદુ ભોજનો ખાવાની કુટેવ પડી જાય છે સ્વાન્દ્રિયપર કાબુ મૂકવાનુ મન નિરંતર નથી લીધુ છતા તેની ... ને શ ... ખૂબ ... ... બહુ ખવાથી કે સ્વાદિષ્ટ ખાવાથી પ્રેમ થ ... ... નીરસ અને ... ... જવાય ... ... સ્વર ... જનને ... ... મર્દ છે તે ... દૂર થાય છે

નિરીક્ષણમા પણ બહુ સયમ રાખવો જોઇએ । આપણી ખરી ઉત્તમ શક્તિઓના વ્યય આપણે જોવામાં ... ... આખ એ અતિ અમૂલી અને ઉપયોગી વસ્તુ છે તેનો દુરુપયોગ કદિ ન કરવો ખરાબ દશ્યો ન જોવા એટલુજ આખ માટે પર્યાપ્ત નથી બ ... આખોદ્વારા સુન્દર સહિત્યનુ વાચન કરવુ કે જે ઉત્તમ ... ખીલવી શકે તેની જરૂર છે

ઘણા મનુષ્યોને કે ... ... પસાર થતી હોય તો તેની
સામે તાકીને વારવાર જો ... ... પડી જાય છે, અને ઘણી
ઓને વિવિધ

તેઓ માને છે કે આમા તે શુ ? પરતુ આનો અકુરા રૂપે હોવા છતા નિમિત્ત મળતા ઘોર દુખદાયી થઇ પડે છે, અને ઘણીનાર પતન પણ કરાવે છે આખનો સ્વભાવ જોવાનો છે પરતુ સુમધુર જોવુ, અને સુમધુર દષ્ટિથી જોવુ. દષ્ટિમા સૌમ્યતા આવે તો વિષમ પદાર્થ પણ સમ બની જાય

(કર્ણ સયમ) કાનનો ઉપયોગ તે છે કે ઉત્તમ પુરૂષોના વચના મૃતો સાભળીને સતસગ કરો, સજ્જન પુરુષના હિતવાકયો પર ધ્યાન દેવુ, અને દુખિઓના આર્ત સ્વર સાભળી ઉદાર બનવુ નિન્દા એ ઝેર છે તેને કદિ કાનમા રેડવુ નહી

(શારીરિક સયમ) શુદ્ધ વાતાવરણમા રહેવુ, અને સ્વચ્છતાથી વ્યવસ્થા પૂર્વક રહેવુ તે શરીરનો સયમ છે **मन गया तो जाने दे पर मत जाय शरीर । निगर छोडा कामठी क्यो लगेगो तीर "** કદાચિત મનનો સ્વભાવ છે તે વાળ્યા છતા ન રહે તો શરીર પર ખૂબ કાબુ રાખવો શરોરનો સયમ ઘણીવાર પતનમાથી બચાવી લે છે માટે તે પર ખચિતધ્યાન રાખવો

અતિસુગધિત પદાર્થો ની આસકિત જો કે સામાન્ય દોષ છે છતા તે પણ ખરાબજ છે.

વાચાસંયમ

"शास्त्रपूतं वदेद्वाक्यम्" શાસ્ત્રથી ગળેલુ વચન બોલવુ એ વાતને આપણે છેક્જ ભૂલી ગયા છીએ વાણીના દુરૂપયોગથી આપણે જીવનમાં અનેક અનર્થો ઉત્પન્ન કરી મૂકીએ છીએ મહાભારતનો આખો પ્રસગ દ્રૌપદીના દુર્વાકયનુ પરિણામ હતુ, એવુ આપણને ભાન કયા રહ્યું છે ? ગમે તે બોલવુ ગમે તે લખવુ, એ જાતનો આપણને મેનિયા લાગુ પડી ગયો છે

પૂર્વકાલના મહાપુરુષોએ મૌનનું જે મહત્ત્વ બતાવ્યું છે તેનું તથ્ય આપણે આજના [illegible] જોઈએ [illegible] મનો [illegible] કરી મૂકે [illegible] ચિન્તકોએ [illegible] છે એ [illegible] ક્રિયામાં [illegible] નારને માર અને મીઠું બોલવું [illegible] પડે છે અમારી [illegible] નમો અગત્યનો સારરો ઉતરે છે અને આખુ [illegible] મય બની જાય છે એ પછી [illegible] અનર્થમાંથી પ્રવૃત્તિથી [illegible] જવું જોઈએ

વાણીના સંયમથી શક્તિનો દુર્વ્યય ન થતાં સંયમ [illegible] તેનો [illegible] અને [illegible] અને વિચારોના [illegible] નમાં [illegible] એ [illegible] મનુષ્ય [illegible] ગાંધીજી [illegible] જીવનમાં મૌનશક્તિએ શું ભાગ [illegible] કરી [illegible] આગેર [illegible]

મનોનિગ્રહ

મનને દુષ્ટ પ્રવૃત્તિ [illegible] મનો નિગ્રહ નથી [illegible] મનને [illegible] માગ [illegible] મનનો સંયમ છે મનને સતત સુંદર ખોરાક આપતા રહેવું કે જેથી તે ખોટા વિકલ્પો કે ખોટા વિચારોમાં ન જોડાય! સાત્ત્વિક વિચાર, ધ્યાન ચિંતન સ્વાધ્યાય અને વાચન આ બધા મનના સાત્ત્વિક ખોરાકો છે

મન [illegible] એ અપ્રમત્ત રહેવા માગે છે માટે તેને કામ પૂરતા દેવું નહિ [illegible] ની પાસેથી સર્વ લેતા રહેવું જો તેની પાસેથી તમો કામ નહી લો તો તે આળસુ અને દુષ્ટ બની જશે. તેને અમૃત પાતા રહેવું, કદિ ઝેર ન પાવું જો મન સુમાન [illegible] તો તમારો બોજો ઘણો હળવો થઈ જશે.

કેટનાક મનુષ્યો ચિતાની ભઠ્ઠીમા મનને બાળી નાખતા હોય છે, કિવા ઘણા વખત પછી કરવાના કાર્યની ચિતા આજથીજ કરી રહ્યા હોય છે આથી પણ મનની અવ્યવસ્થતા વધે છે માટે ખોટી ચિતા કે ઉપાધિથી પણ મનને વગળુ રાખવુ જોઇએ

મનને પ્રસન્ન રાખવાની હમેશા ટેવ પાડવી જેથી આત્માને રાહત મળે છે જ્યારે જ્યારે વખત મળે ત્યારે મહાપુરૂષોના વાક્યો વિચારવા અને તે પર ઉડુ ચિતન ક્યા કરવુ, આથી મન અભ્યાસી થઇ જાય છે

અપરિગ્રહવૃત્તિ

પૂર્વ કાળથી તૃષ્ણા નામની વૃત્તિ મન સાથે જોડાયેલી છે આથી જ્યારે જ્યારે કોઈ વસ્તુ મળે ત્યારે ત્યારે તેને સઘરી રાખવાની અને વધુ મેળવવાની જીવમાત્રને ઇચ્છા રહે છે ત્યાગ માર્ગનુ આ બધુ બારણ છે, અને મહાન દુખના કારણ રૂપ છે એટલે આ વૃત્તિ પર ધ્યાન આપતા ચૂકવુ ન જોઇએ

આ ૮ વૃત્તિનુ પોષણ કરનારી એક સતતિઇચ્છા પણ મનુષ્યમા હોય છે સતતિની ઇચ્છા ખાતર તે અનેક અધર્મ કરી બેસે છે સતતિ થાય એટલે તેના ખાતર અને તેની પ્રજા ખાતર એ અનેક ગણી સપત્તિની ઇચ્છા મનમા રાખ્યા કરે છે અને તે ઇચ્છાને પૂર્ણ કરવા પરિગ્રહ વધાર્યે જાય છે ઘણુખરૂ પરિગ્રહ વધવાનુ કારણ સતતિ માટે કે પોતાની પ્રજા માટેનો સગ્રહ એજ છે આથી પોતાના જીવન પુરતા પર્યાપ્ત સાધન હોવા છતા મનુષ્ય અસતુષ્ટ રહ્યા જ કરે છે અને નવા મેળવવાની ચિતામા મળેલાનો ઉપયોગ પણ કરી શકતો નથી

સતતિ માટેનો ધન સગ્રહ, સતતિના જીવન વિકાસમા મોટાનાં

બેસે તો તો ભંડારના ભંડાર ખાલી થાય. પરંતુ રાજાજીને ન કહેવાય કે ન સહેવાય! એટલેજ તેમણે આ માર્ગ લીધો હતો.

ભોજ મહારાજા શ્લોકનું ચરણ વાંચી મનોમન હસી પડયા; તેને લાગ્યું કે પ્રશ્ન દાતા તો કોઈ વિચક્ષણજ લાગે છે. તુરતજ ઉત્તર રૂપે બીજું ચરણ લખ્યું કે, "**महतामापदा कुतः**" મહાપુરૂષોને વળી આપત્તિ શી?

બીજે દિવસે આ જવાબ વાંચી મંત્રીજી તો વિચારમાં પડી ગયા કે જવાબ તો મ્હોંફાટ મળ્યો. હવે શું કરવું? તેણે ત્રીજું ચરણ આ રીતે લખ્યું કે, "**कदाचित् कुप्यते दैवम्**" અર્થાત્ કદિ પ્રારબ્ધ કોપે તો!

સમય થતાં મહારાજ કચેરીમાં બીજે દિવસે પધાર્યા અને ત્રીજું ચરણ જોયું કે "પ્રારબ્ધ કોપરો તો શું? તેને કયાં દરકાર હતી!" તુરતજ ચોથું ચરણ પૂરું કરી દીધું કે જો દૈવજ વિરૂદ્ધ જશે તો પછી '*संचितोऽपि विनश्यति*' સંગ્રહેલું પણ શા ખપનું?

દાનીનું કેવું હૃદય હોય છે તેનો આ આબેહૂબ ચિતાર છે. જ્યાં પરિગ્રહ વૃત્તિ નથી ત્યાં ભવિષ્યની ચિંતાજ શી હોય?

આજે તો આપણે જોઇએ છીએ કે મનુષ્ય પોતાની પરિગ્રહ વૃત્તિ પોષવા ખાતરજ બહુધા જીવન વેડફી નાખતો હોય છે. ધન એ તો સાધન છે તેનું ભાન ન રાખતાં રાત્રિ અને દિવસ તેની પાછળ પડયો રહે છે; જ્યારે તેનો ઉપભોગ તો બિચારો કરીજ શકતો નથી અને ઉપભોગ કરતો હોય તો પણ તે ઉલટાજ માર્ગે અને એ રીતે "સૌ સાધન બંધન થયાં" એ ઉક્તિ ચરિતાર્થ થતી રહે છે.

જાગૃતિ.

૫

બ્રહ્મચર્યને આપણે ઉંડા અર્થમાં લઇ ગયા છીએ એટલે બ્રહ્મચર્યરૂપી ઇમારતના સંયમ અને ત્યાગ એ બન્ને પાયા ગણાવા જોઇએ. તે બન્ને પાયાની સ્થિતિ કેવલ જાગૃતિ પર અવલંબે છે.

જાગૃતિ એટલે સાવધ દશા. બ્રહ્મચર્યપાલન માટે જેટલી સંયમ અને ત્યાગની આવશ્યકતા છે તેટલીજ જાગૃતિની પણ છે. જાગૃતિને ભગવાન મહાવીરે અપ્રમત્તતા, બુદ્ધદેવે સ્મૃતિ અને શ્રી શંકરાચાર્યે વિવેક તરીકે ઓળખાવી છે.

કોઇ પણ સુખના શોધકને પોતાની જાગૃતિ રાખવાની વિશેષ જરૂર હોય કે અનંતકાલથી [જડકર્મ] માયાના અભ્યાસને લઇ સાધક દશામાં મનુષ્ય ક્ષણે ક્ષણે ભૂલ કરી નાખે છે. આથીજઃ–To err is human " મનુષ્ય માત્ર ભુલને પાત્ર " એ કહેવત ચરિતાર્થ થાય છે.

જેમ તંદુરસ્ત માણસને રાત્રિમાં સુઇ જવું એ સ્વાભાવિક છે પણ જાગવું એ પ્રયત્નસાધ્ય છે, તેજ રીતે આપણું સુઇ જવું નવીન નથી; જાગવું એજ નવીન છે.

જાગૃત થયા પછી મનુષ્ય થતી ભૂલથી બચી જાય છે, ચોકસ થઇ જાય છે, પરંતુ પૂર્વે થયેલી ભૂલનું પણ જો તે નિવારણ ન

કરે તો ભવિષ્યમાં તેની સ્ખલનાઓ થવા સંભવ છે તેથી સંયમી પુરુષે અપથ્યનું સેવન ન થાય તે માટે સતત લક્ષ રાખવું જોઈએ

જેમ વસ્ત્રમાં પડેલા ડાઘને દૂર કરવા માટે ક્ષાર અને પાણીની આવશ્યકતા ઊભી થાય છે, તેમ થયેલા દોષોનું પ્રક્ષાલન કરવા માટે પશ્ચાતાપ અને આલોચનાની આવશ્યકતા છે

પશ્ચાતાપ

પશ્ચાતાપ જેમ જેમ થાય તેમ તેમ અંતઃકરણની શુદ્ધિ થતી જાય છે પશ્ચાતાપ ત્રણ પ્રકારના હોય છે કાયિક, વાચિક અને માનસિક

કાયિક પશ્ચાતાપમાં તપશ્ચર્યા કરવાની હોય છે આ તપશ્ચર્યાઓ અનેક પ્રકારની હોય છે જે પ્રકારની ભૂલ હોય તેવી તેવી તપશ્ચર્યા કરવાનો તુરતજ નિશ્ચય કરી નાખવો ભૂલનું સ્મરણ થયા પછી આ નિર્ણયમાં જરા પણ વાર લગાડવી નહિ

વાચિક પશ્ચાતાપ બે પ્રકારના હોય છે એક સ્વયં કરવાનો અને બીજો અન્યદ્વારા કરવાનો

સ્વયં કરવાના પશ્ચાતાપમાં પોતાના અંતરાત્મા સમક્ષ વાણીથી યાદી આપીને પછી ભવિષ્યમાં ભૂલ ન થાય તેવી (એકાંતમાં) પ્રતિજ્ઞા કરવાની હોય છે આ ક્રિયાને જૈન દર્શનમાં પ્રતિક્રમણ કહેવામાં આવે છે

(૨) સ્થૂળ બ્રહ્મચર્યની થયેલ સ્ખલના ત્યાગ કે સંયમના લાગેલા દોષો કે ત્રુટિઓને આપ્તજન પાસે કહેવી, તે બીજા નંબરનો વાચિક પશ્ચાતાપ છે

આપ્તજનમાં—માબાપ સાત્ત્વિક ગુરુ હિતૈષી વડીલ અને સાત્ત્વિક મિત્રનો સમાવેશ થાય છે તેની પાસે પોતાના દોષો સાફ સ્પષ્ટ રીતે જાહેર કરવા, અને ફરીથી તેવા દોષોથી બચી શકાય

તેની પ્રેરણા અને આશીર્વાદો લેવા જોઈએ તેમણે પ્રાયશ્ચિતરૂપે બતાવેલા કડક નિયમોને પાળવામા જરા પણ ઢીલ કે અરૂચિ બતાવવી નહિ, અને ઉત્સાહહીન પણ થવુ નહિ

આલોચના

માનસિક પશ્ચાતાપનો શાસ્ત્રકારો આલોચના કહે છે આલોચના એટલે મનમા પુન પુન દોષોનુ ચિંતન કરવુ અને નાનાથી માંડીને મોટા દોષો સુધીનુ દુષ્ટ પરિણામ વિચારવુ જોઇએ સાચો માનસિક પશ્ચાતાપ થયા પછી બીજી વાર ભૂલ થતી નથી અથવા તીવ્રરૂપે થતા હોય તો તે મંદ થવા માંડે છે અને એમ ક્રમશ મનુષ્યનુ અંતઃકરણ આરિસા જેવુ નિર્મળ બની જાય છે આસુરી ભાવનાઓ નીકળી જઇ દૈવી ભાવનાઓ પેસે છે અને તે યોગમાર્ગમા આગળ અને આગળ વધે છે

ક્રોધ માન માયા લોભ ઇર્ષ્યા અસૂયા કલહ કામ આદિ મોટા કે નાના દોષોને નિવારવા માટે લીધેલા બ્રહ્મચર્ય ત્યાગ સંયમ ઇત્યાદિ વ્રતો પશ્ચાતાપથી શુદ્ધ બનતા જાય છે અને સતત જાગૃતિથી પુન પુન વિકસિત થતા જાય છે તેનુ અંતરમા જે રીતે પરિણમન થાય છે, તેને અંગે તેવા મનુષ્યને આખા જગત્ પ્રત્યે બંધુરૂપ સ્વયં થઈ જાય છે આ રીતે પ્રાયશ્ચિતનુ સ્વરૂપ સમજ્યા પછી ત્યાગનુ મહત્ત્વ વિચારીશુ

ત્યાગ.

૬

ત્યાગનો અર્થ ઘણા લોકો એવો કરે છે કે "ઘરછોડીને ચાલ્યા જવુ અને ભિક્ષા માગીને નિર્વાહ કરવો." ભગવાન મહાવીરે ત્યાગ માટે બહુ ઉતમ આદર્શ પોતાના જીવનમાંથી વિશ્વને આપ્યો છે; તેમણે બાહ્ય અને આતરિક બન્ને સયોગોથી મુક્ત થવું–તેને ત્યાગ કહ્યો છે.

બાહ્ય સયોગ એટલે અનંત કાળથી આપણે જે વસ્તુઓમાં આસક્ત રહ્યા છીએ તે પરથી સમજપૂર્વક આસક્તિ છોડી દઇ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મત્સર ઇત્યાદિ રિપુઓ સામેનું યુદ્ધ આદરી દેવું, અને ક્રમશ. તેઓના આતરિક સયોગોથી પણ છૂટી જવું કે છૂટવાનો પ્રબળ પ્રયત્ન કરવો તેનુ નામજ ત્યાગ.

આવો ત્યાગ વીરજ કરી શકે છે ધન, માલ, મિલ્કત, તરણ યુવતિઓ, રાજપાટ, સત્તા, અધિકાર, માલિકી આ બધું મળ્યા પછી "लद्धे विपिट्ठिकुव्वई" તે મળેલાને કાણ ત્યાગી શકે ? ત્યાગવાનું કારણ તેમા સુખની અતૃપ્તિ અનુભવવી તે છે, આનેજ શુદ્ધ વૈરાગ્ય તત્ત્વ તરીકે ઓળખવું જોઇએ.

જ્યાસુધી પદાર્થ પ્રત્યેની મમતા મનુષ્ય ત્યાગે નહિ ત્યાસુધી તે આત્મતત્ત્વના શોધનમા અવકાશ ન મેળવી શકે! આથીજ

સંયમના પરિપાક પછી સાચો ત્યાગ સ્ફુરે છે. સંયમમાં તો અલ્પાંશે પણ સંગ્રહવૃત્તિનો સંભવ હતો. થોડું પણ વાપરવાથી છૂટ હતી. અહિં તો "અન્ય કારણે અન્ય કશું કલ્પે નહી." માત્ર સંયમમય બનેલા જીવન માટે કંઈક લેવું, અને તે પણ આસક્તિ રહિત ભાવેજ અન્યથા કશું જ નહિ.

યદ્યપિ જનકવિદેહી ગૃહસ્થ હતા, છતાં વેદધર્મ તેને આજ ભૂમિકાની અપેક્ષાએ ત્યાગી કહે છે. ભગવાન મહાવીરે પણ કયાં નથી કહ્યું કે:—सन्तिएगेहिं भिक्खुहिं गारत्था संजमुत्तरा" કેટલાક કુત્સિત ભિક્ષુઓ કરતાં સંયમી ગૃહસ્થનો ત્યાગ ઉત્તમ હોય છે. એટલે કેવલ ઘર ત્યાગી જનારજ ત્યાગ ધર્મ પાળી શકે તેવું નથી. ગૃહ-જીવનમાં પણ આસક્તિનો ત્યાગ થઇ શકે છે; અને ભગવાન મહાવીરે પોતે પોતાના જીવનથી તે સ્પષ્ટ કર્યું છે.

પરંતુ ગૃહસ્થજીવનજ એવું જંજાળમય છે કે તેનો ત્યાગ એ કેવલ અપવાદ છે. કોઇ પૂર્વયોગી (પૂર્વકાલમાં જેણે ત્યા... ...લીઓ છે તે) નો આત્માજ નિમિત્ત મળવા છતાં અનાસક્ત રહી શકે છે. બધાં સાધનો મળવા છતાં ભોગવાસનાથી વિરમી શકે છે. આથીજ મહાપુરૂષોએ સાર્વત્રિક જીવન માટે તો ગૃહસ્થજીવનથી સર્વથા મુક્ત થવું એજ ત્યાગિજીવન બતાવ્યું છે.

પૂર્ણ ત્યાગ એકાએક ન કરીશકે તેને માટે જૈન શાસ્ત્રમાં 'અગારિમાર્ગ' એટલે ગૃહસ્થનો ત્યાગ છે. તે ત્યાગમાં પણ દાનવૃત્તિ, શ્રદ્ધા, શૌર્ય, નિસ્પૃહભાવ, ધૈર્ય ઇત્યાદિ ઉચ્ચ સદ્ગુણો કે જે આત્મ-તત્ત્વની ઝાંખી થવામાં સહાયક છે, તેની આવશ્યકતા રહે છે. જૈન દર્શનમાં તેનાં જ્વલંત દૃષ્ટાંતો ઉપાસક દશાંગ,' ભગવતીજી ઇત્યાદિ શાસ્ત્રોમાં બહુ મળી આવે છે.

ત્યાગના પ્રથમ અંગો બે છે જેના નામ પરોપકાર અને દાન છે

પરોપકાર

" **परस्पर जीवानामुपग्रह** " ઉપકાર એ તો જીવોનુ સ્વાભાવિક લક્ષણ છે એક નાના જતુથી માંડીને મહાન્ પ્રાણી સુધી સૌ પરસ્પર ઉપકાર પરજ જીવતા હોય છે

જુઓ વાયુ વાતા વાતા પરોપકારના પદાર્થપાઠ આપે છે વૃક્ષ પોતે તપે છે છતા બીજાને છાયા તથા મીઠા મજાના ફળ આપે છે તેના એકેક અગો પરોપકારાર્થે હોય છે આ બધા પરથી ફલિત થાય છે કે પરોપકાર એ જીવોનો સ્વાભાવિક ગુણ છે મનુષ્યોએ ધન, શક્તિ સત્તા શાણપણ ઇત્યાદિ સાધોનો ઉપયોગ પરાર્થે કરવો જોઇએ ।

દાન

અહીંથી વિકાસ થતા મનુષ્યોમા દાનવૃત્તિ જાગે છે દાનવૃત્તિમા માત્ર નિષ્કલાજ મનુષ્યોના સમાવેશ નથી થતો । દાતી મનુષ્યની એકજ માત્ર દૃષ્ટિ હોય છે કે અર્પવુ આ અર્પણતાના ગુણને લઇને તેનામા વીતરાગતા પ્રકટે છે આનીજ શાસ્ત્રકારો કહે છે કે '**दाता भवति वा न वा**' દાતા તો વિશ્વમા મળવા દુર્લભ છે. દાનીને જરા પણ સ્વાર્થ હોતો નથી એટલુજ નહિ પણ દાતામા માગવાની વૃત્તિ સુદ્ધા હોતી નથી કોઇ શિર માગે તો પણ તે આપવા તૈયાર રહે છે લક્ષ્મી કે અન્ય સાધનોની તો વાતજ શી ?

આવી દાનની તાનાવેલી પછી મનુષ્યને જીવનવિકાસ માટે દાન એ શુ આવશ્યક છે તેના બે કારણો છે (૧) આપવાથી હુ બીજા કરતા મોટો છુ કે સાધન સપન્ન છુ તેવુ અભિમાન જાગે છ, કે જે આત્મવિકાસનુ બાધક અગ છે, (૨) કોઇની આપેલી વસ્તુ

ઝાઝો વખત ટકી શકતી નથી આથી તે સ્વય પ્રાપ્ત સાધનોનો સ્વઈચ્છાથી ત્યાગ કરી તપસ્વી જીવન ગાળે છે અને શક્તિનો વિગ્રહ કરીનિર્ભયતા સાધવા ઇચ્છે છે તેમજ વિશ્વના પદાર્થપાઠ રૂપ પોતાનું ઉચ્ચ ચારિત્ર બનાવી દે છે, અને આખરે આત્મસુખમા લીન થઇ જાય છે

આપણે આ પ્રકરણમા ત્યાગનો અર્થ ત્યાગની ઉત્પત્તિ અને ક્રમિક વિકાશને તપાસી ગયા, હવે એ ત્યાગ તથા સયમના ઉપયોગી અગત્ની વિચારણા કરીએ !!!



અહિંસા

૭

ત્યાગનો ગુણ જેટલો ખીલે છે તેટલીજ અહિંસા સિદ્ધ થાય છે, અથવા બીજી રીતે કહીએ તો ત્યાગનું પાલન અહિંસા પરજ નિર્ભર છે તેમ માનીએ તો ચાલે.

અહિંસાની ભાવના સિવાય ત્યાગ ઉદ્ભવતો નથી, અને ત્યાગ વિના સાચી અહિંસા જાગતી નથી

અહિંસાની પ્રચલિત વ્યાખ્યા એ છે न+हिंसा=अहिंसा અર્થાત્ કે કોઈ જીવને મારવું નહીં

શાસ્ત્રકારો કહે છે કે લોકમાં કોઈ પણ આકાશનો એવો ભાગ નથી કે જ્યાં જીવોનું કોઈ રૂપમાં પણ અસ્તિત્વ ન હોય! સૂક્ષ્મ દૃષ્ટિએ જોતા પાણી પૃથ્વી, વાયુ અને વનસ્પતિ જેવા દ્રવ્યોમાં પણ જીવો છે હમણાં તો સાયન્ટિફિક રીતે શોધ જગજાહેર થઇ ગઇ છે કે પાણીના એક જ બિંદુમાં સૂક્ષ્મદર્શક યંત્રથી સંખ્યાબંધ હાલતા ચાલતા જીવો સ્પષ્ટ દેખાય છે

છતાં જીવ માત્રને જીવવું તો છેજ અને તેના જીવનમાં ઉપરનાં તત્ત્વોની આવશ્યકતા હોય છે, એથી શાસ્ત્રકારોને મર્યાદા બાંધવી પડી કે, જીવનની જરૂરિયાત સિવાયની વસ્તુઓ વાપરવામાં હિંસા

છે. આથીજ અહિંસાવ્રતનું રક્ષણ કરવા માટે અદત્ત અને અપરિગ્રહ બન્ને વ્રતો તરીકે હાથમાં આવ્યાં.

શક્ય પરિહાર અને અશક્ય પરિહાર એવા ત્યાગના એ ભેદો પણ એટલા માટેજ પડ્યા. જેના વિના તમો ચલાવી શકો છો, તેનો ઉપયોગ કરવો તે પાપ છે, અને અશક્ય પરિહારમાં ગણાતા પદાર્થો વિના તમો જીવી શકવાના નથી; માટે તે પાપ હોવા છતાં તમારે માટે અનિવાર્ય છે, એમ બતવાવું પડ્યું. પરંતુ આ બધું જીવનનિર્વાહ અર્થે અન્યથા નહિ! જીવન માટે પદાર્થ-પદાર્થ માટે જીવન નહિ!

અહિં જો સત્ય ન મૂકયું હોત તો આવી અથડામણીનો નિર્ણય કોણ કરત? એટલે સત્ય ને વ્રત તરીકે ગણાવી એ એક એવુ સ્થાયી તત્ત્વ મૂક્યુ કે જે બધી સ્ખલનાનો ન્યાય આપે, અને બધી બધી અંતોનો ફળચો કરી દે.

આમ હોવા છતાં અહિંસાનો પ્રશ્ન હમણા બહુ ગુંચવાયો છે. આજે બે પક્ષ નજરે પડે છે: એક અહિંસાના અતિરેકનો, અને એક હિંસાના અતિરેકનો.

જો ન્યાય કે સત્યની તુલા પર વિચાર પૂર્વક તોલ ન કરાય તો પરિસ્થિતિ એ થઇ છે કે, હિંસક અને અહિંસકનો તાળો મેળવવો આજે કઠિન તો શું! અત્યંત કઠિન થઈ પડયો છે.

આજ ગુંથવણમાં ઘણા ઉપરથી અહિંસક દેખાતા મનુષ્ય પણ બીજી રીતે હિંસા કરતા હોય છે; અને ઉપરથી હિંસક દેખાતો વર્ગ પણ હિંસાના મહાન દોષોથી બચી જતો હોય છે. અહિં કેટલોક વર્ગ એવું આશ્વાસન લે છે કે આતો અધર્મનો યુગ છે કિંવા અહિં અધર્મ, જિતે છે. આ કથનમાં જેટલું સત્ય છે તેટલો જ ભ્રમ પણ છે.

અહિંસાનુ વાસ્તવિક સ્વરૂપ

બધા જીવોમા મનુષ્ય સર્વોપરિ પ્રાણી છે તેના હાથના ટેરવામા અને મગજમા એવી મહાન શક્તિ છે કે તેમનો દુરૂપયોગ કરીને ક્ષણ માત્રમા હજારો જીવનો સહાર કરી શકે છે તેમ સદુપયોગથી રક્ષણ પણ કરી શકે છે એટલે કોઇ પણ પ્રાણિની ઇરાદાપૂર્વક કે ગફલતથી લાગણી દુભવવી તે હિંસા છે અને પોતાનો ધર્મ જાળવી કોઈ પણ પ્રાણિની લાગણી સંતોષવી તે તાત્વિક અહિંસા છે

આવી અહિંસા સામાન્ય મનુષ્ય માટે કે પ્રમાદી અથવા વીર્યહીન પ્રાણી માટે સાધ્ય નથી તેથીજ તેનુ સ્થાન બ્રહ્મચર્ય ત્યાગ સયમ અને વિવેક પછી યોજ્યુ છે

છતા સર્વ સામાન્ય માટે પણ અહિંસા વ્યાપક થાય, અને આચરણમા મૂકાય તે માટે શાસ્ત્રકારોએ આપણને અનુકંપા નામનુ તત્વ આપ્યુ, જેને દયા પણ કહી શકાય

મહાત્મા તુલસીદાસજી કહે છે કે 'दया धर्मका मूल है' દયા એ ધર્મનુ મૂળ છે

અનુકંપા

અનુકંપા એટલે બીજાનુ દુખ દેખી તે દૂર કરવાની વૃત્તિ થવી અનુ અનુ કંપ—બીજાનુ દુખ દેખી કપી જવુ તે

અનુકંપા નામની વૃત્તિ તો જીવ માત્રમા હોય છે એક સૂક્ષ્મ પ્રાણિ પણ પોતાના બચ્ચાને ચાહે છે તેના દુખે તે દુખી થઇ જાય છે, તેના રક્ષણ કાજે પોતાનુ સર્વ કાઇ ખરચવા તૈયાર થાય છે એમ ક્રમશ નિકટના કે સ્વજાતીય જંતુઓ પ્રત્યે પણ તેની ઓછા વધતા પ્રમાણમા અનુકંપા સ્વાભાવિક હોય છે આજ રીતે આપણે ઠેઠ માનવ સુધીના બધા જીવોમા પોતપોતાના વિકાસ પ્રમાણે તે

સાફ સ્પષ્ટ જોઈ શકીએ છીએ આ વૃત્તિનો જેટલે અંશે ક્ષેત્રવિકાસ તેટલે અંશે તે દયાનુ વૃત્તિમા ખપે।

"સ્વાર્થવૃત્તિ" ઘણુધા અનુકંપાના ઝરાની રોધક છે સ્વાર્થનો પૂર જેટલો દૂર થાય તેટલે અંશે મનુષ્ય અનુકંપક બને મનુષ્ય માત્ર પોતાના કુટુંબ કે દેહ પ્રત્યે તો મમત્વ રાખેજ છે, અને તેથી તે પ્રત્યે અનુકંપક પણ રહે છે, પરંતુ તે અનુકંપા સ્વાર્થનિષ્ઠ કહેવાય, પરમાર્થ ભાવે અનુકંપાની વૃત્તિ જાગૃત કરવી તેજ અહિંસાના માર્ગનો વિકાસ છે.

અહિંસાનો વિકાસ એટલે બ્રહ્મચર્યનો વિકાસ—બ્રહ્મચર્યનો વિકાસ એટલે આત્માનો વિકાસ તે જ રીતે અહિંસાના વિકાસથી પ્રેમનો પણ વિકાસ થાય છે અહિંસકનો કોઈ દ્વેષી ન હોય કારણ કે દ્વેષનુ નિમિત્તજ ચાલ્યુ ગયુ પરંતુ અહિંસાના પ્રારંભમાં કદાચ કોઈ દ્વેષી હોય તો પણ તેનો પ્રેમ તો તેના પર પણ તેટલો જ ઢળે જેટલો પોતાના દેહ કે પુત્ર પર પ્રેમીનુ તો સૌ કોઈ ભલુ ઈચ્છે અને કરે, પરંતુ દ્વેષીનુ પણ હિત ચિંતવે અને હિત આચરે તે જ સાચો અહિંસક

સાચો અહિંસક જેમ હિંસા કરતો નથી તેમ જોઈ પણ શકતો નથી કારણ કે તે માને છે કે જો મને જીવન પ્રિય છે તો સૌને પ્રિય હોવુ જોઈએ। તેથી હુ કોઈને દુભવી ન શકુ, અને જીવનરક્ષાની ક્રિયા કરવી એ જ સાચો ધર્મ છે

જૈન શાસ્ત્રમા તો મેઘરથ મહારાજાનુ ચિત્ર અહિંસકતાનુ સ્પષ્ટ ભાન કરાવે છે—

કોઈ બે દેવો મેઘરથ મહારાજની અહિંસા (અનુકંપા) ની કસોટિ કરવા માટે એક બાજ અને બીજુ પારેવુ બની જાય છે

મેઘરથ મહારાજ કચેરીમા બેઠા છે એવામાં એક ગભરાયેલુ પારેવુ

તેના ખોળામાં આકસ્મિક રીતે આવી રહે છે વાચા ન હોવા છતાં તેનુ શું તુ અંગ રક્ષણ આપવાની મા ી કરી રહ્યું છે, તેવામાં જ સામે બાજ આવી બેઠો અને વિચિત્ર વાણીથી કહેવા લાગ્યો કે મહારાજ! મારૂ ખાજ છે તે આપી દે '

મહારાજ—(મનુષ્યબોધ્ય વાણીથી આશ્ ' કિત ચઠી) હુ ક્ષત્રિય છુ અને જિનનો ઉપાસ‌ ક છુ મારે ટે અહિ પ્રથમ ધર્મ તે એ છે કે "**क्षतात् किल त्रायते**" શરણાગતનુ રક્ષણ કરવુ તેથી હુ પારેવાને છોડી શકુ તેમ નથી

બાજ—ત્યારે મારી લાગણી દુભવી તને પાલવશે ? ત્યાં અહિંસનો ધર્મ નહિ ચૂકે ?

મહારાજ—હુ લાગણી પણ ન દુભવી ‌ ‌ ‌ મોન તારે માટે શા ખોરાક જોઇએ ?

બાજ—મારૂ ભક્ષણ માસ સિવાય શુ હોઈ શકે ? ઓ તે પણ તારા ખોળામાં છે તેનુ

મહા —ને તો અપાય જ નહિ બીજો કોઈ માર્ગ છે ? કે જેથી તારૂ મન તૃપ્ત થાય ?

બાજ—હા તારૂ પોતાનુ (પારેવાના વજન જેટલુ) માસ આપે તો ચાલી શકે !

મહારાજના ઓ મ શાન્તિ વ્યાપી ગઇ પોતાના બન્ને ધર્મોનુ પાલન થવાની ત ઈ તેનુ હ ર નાચી ઉઠયુ પોતાના દેહની તો તને લેશ માત્ર ચિંતા એ ન હતી આનુ નામ જ સ્વધર્મ પાલન

તુલા મ ં ‌ એક ત્રાજવામાં પારેવુ અને બીજામા ગત્નતુ માસ ને ‌ ગ શસ્ત્ર લઈ પોતાના અગને સ્વ‌ કાપી માસના લોચા તુલામા મૂ ‌ જાય પરતુ તુલા તો જરીએ ન નમે !

અહિંસા

બધા સ્વજનો સ્નેહિઓ અને પરિજનો વિષાદમા ઘેરાયા છે ગેહ બાજ પર કાતિન રોષ કરી રહયા છે, તો કોઈ મહારાજાને સમજાવી રહ્યા છે કે, પૃથ્વીપતિ! બીજુ બધુ એ આપો ગમે તે કો પણ આપ પોતે ન મરો આ તો મૃત્યુનો દાન છ, આપ જીવિત રહેશો તો જગત્ જીવશે.

રાજા તો પ્રસન્ન જ હતો પોતાના મૃત્યનો તેને ભય જ ક્યા હતો? તેથી જ પ્રેટિમા પાર ઉતર્યો આખરે અહિંસકનો વિજય થયો, અને આની શૌર્યપૂર્ણ અહિંસાથી દેવો નતમસ્તક બની ગયા

આ ચિત્ર સાચા અહિંસકનુ છે પોતાના સ્વાર્થ માટે કોઇને પણ ઇજા ન પહોચાડવી અને બીજાના સ્વાર્થ માટે પોતે બધુ એ સહી લેવુ આ ગુણ અહિંસકમા હોય છે (સહિષ્ણુતાનુ પ્રકરણ આગળ આપેલ છે) સાગરાત જેટલી સ્વાર્થ રહિતતા તેટલોજ મનુષ્ય અહિંસક ગણાય!

અહિંસામા વિવેક

અહિંસામા જો વિવેક ન હોય તો અહિંસાનુ કાર્ય પણ હિંસા રૂપ બની જાય છે વૈદ્ય દર્દ કાઢવામા, માબાપ પોતાની પ્રજાને સમજણ આપવામા અને વડીલ કે ધર્મગુરૂઓ પોતાના શિષ્યોને સભાળવામા, જો દયા ખાય તો તે દયા પણ ઘણીવાર હિંસાના રૂપમા પરિણમે માટે દરેક ક્ષેત્રમા અને દરેક ક્રિયામા અહિંસાના ઉપાસકે વિવેક રાખવો ઘટે

સાચી અહિંસા પાળવાથી મનુષ્યના કોઇ શત્રુઓ રહેતા નથી આખા જગતના જીવો પ્રત્યે તે મિત્ર ભાવે રહી શકે છે તે દેશધર્મ પાળતો હોવા છતા અન્ય રાષ્ટ્રનુ અહિત ઇચ્છતો નથી હિંસાથી પ્રાપ્ત થયેલ વસ્તુમા તે જરા પણ માનતો નથી

સાચો માર્ગ

આ બધા નિર્બળતાના લક્ષણો છે સાચોવીર આ યુદ્ધના ૫.તો નથી તે પોતાનો ' अप्पा ममिन्त्तं ' આત્માજ પોતાનો શત્રુ છે એમ નાની બહારની સહિષ્ણુતા કેળવી, પોતાના દુષ્ટ મન સાથે વ.વા લાગી જાય છે જેમ જેમ મનનો દોષ દૂર થાય તેમ તેમ મનુષ્યઆનો અહિંસક સ્વયં બનતો જાય'



ાન
ારવા
પણ

ેાનતા
મનુષ્યો
ા જેવા

કાયર માણસ બહાર જઇ શકવાવાળાઓનુ બધુ સહન કરશે, પણ ઘેરના માણસો પર તે ક્રોધ અને ઝેર વરસાવશે બહાર એ મીનીમાઇ હશે અને ઘરમા સિંહ બની જશે આને સહનશીલતા શી રીતે કહેવાય ? આતો નરી પામરતા છે

સહનશીલતાનુ સાચુ સ્વરૂપ

સહનશીલતાનુ અનુરૂપ દૃષ્ટાંત પૃથ્વીમૈયા છે તેના પર ગમે તેવી વિષ્ટા નાખો એકનાક નાખો કે ઉચ્ચા પ્રકારના દ્રવ્ય પધરાવો, તેને તો બન્ને સરખુ છે સહિષ્ણુતામા તો આવો સમભાવ જોઇએ સહનશીલતા હોવા છતા સમતા ન હોય તો ત્યા ક્ષમાનો લોપ થાય।

આ સહિષ્ણુતાનો આરભ પ્રથમ ઘેરમાથીજ થવો જોઇએ ઘરના નાના મોટા માણસોની ભૂલો ગળી જઇ તેને સુધારવા પ્રયત્ન કરવો જોઇએ ઘણા માણસો પોતાના બાળકો પ્રત્યે વારવાર રોષ બતાવે છે ને તેને ધમકાવે છે, પત્નીનો જરા વાક થયો કે તુરતજ માર મારે છે ગાળોની ઝડી વરસાવે છે, વડી માતા કે વૃદ્ધ પિતાનુ વારવાર અપમાન કરે છે, પ્રકૃતિ ગરમ રાખે છે આવો માણસ પહેલુજ પગથીયુ ભૂલે છે

સહિષ્ણુને તો સાગર જેવી ગભીરતા અને મેરૂ જેવડુ મન જોઇએ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે જો મનુષ્ય ભૂલ સુધારવા માટેજ જન્મ્યો છે, ત્યારે આપણે ભૂલને ગળી નાખતા પણ શીખવુ જોઇએ

ઘણા મીંઢ માણસો એવા પણ હોય છે કે જે મોઢેથી બોલતા નથી, પણ મનમા બીજા પ્રતે કિન્નો રાખ્યા કરે છે આવા મનુષ્યો ઉપરથી તો સહનશીલ દેખાય છે, પરતુ તે તો વિષધર સર્પો જેવા ઝેરી હોય છે તેનાથી બચી જવુ જોઇએ।

સહિષ્ણુતાના સાધકે એક નાનીથી માંડીને મોટી વાત સુધી હરેક પળે પ્રકૃતિને કોઇપણ સંયોગોમાં વશ રાખી આગળ વધવું જોઇએ પ્રથમ આવી રીતે કરવા જતાં તને ઘણુંજ કષ્ટ દેખાશે ઝેર પીવું સહેલું, પણ કોઇના કઠોર વચન કે ખોટી નિન્દા ગળી જવી વિગેરે આકરૂં થઇ પડશે છતાં તને જો સાચી રીતે નિભાવવામાં આવશે તો અંતે તે પોતે વિજયી નીવડશે એક અનુભવી પુરૂષ કહે છે કે —

મહેતામાં જે નમી રિસાતા તેને સામે થવામાં
રોવામાં જે રહી મરસતા તેને રોવાડવામાં

પરમતસહિષ્ણુતા

વ્યવહારિક રીતે સહિષ્ણુ ગણાતો માણસ પણ કેટલીકવાર જ્યાં નાસીપાસ થઇ જાય છે તેનું નામ પરમતસહિષ્ણુતા છે બીજાના વિરોધી વિરોધી વિચારો વિરોધી મતવ્યો વિરોધીધર્મો અને વિરોધી પ્રવૃત્તિએ બધું જોતાં છતાં અને કેટલીક વાર પોતાના માર્ગમાં આડે આવતાં છતાં મનથી વચનથી અને કર્મથી જરા પણ રોષ ન થાય બલ્કે તક આવ્યે પોતાના કે પરના વિચારો સુધારવાનો સુઅવસર થાય તેનું નામ પરમતસહિષ્ણુતા છે અહિં તો વિદ્વાન મહાત્મા અને યોગિમહારાજ જેવા પણ ચક્કર ખાઈ જાય છે

કારણ કે આપણે આપણા કુળ અને ધર્મને ઉંચા માનીએ છીએ વિચાર અને વર્તનને પૂર્ણ માનીએ છીએ અને પ્રવૃત્તિને સત્ય માનીએ છીએ એટલે જ્યારે આપણું જ બધું ઉંચું પરિપૂર્ણ અને સત્ય છે ત્યારે આપણી દૃષ્ટિમાં બીજું નીચ અપૂર્ણ અને અસત્ય સહેજે લાગવા માંડે છે

આ દોષથી આપણે સામાન્ય રીતે બહુ ટેવાઇ ગયા હોઇએ છીએ; તેવી જ્યારે બીજા કોઇ ધર્મના સુંદર સિદ્ધાંતોની કે પરધર્મિવિચારક ના વિચારોની વાતો સાંભળીએ છીએ, ત્યારે સ્વીકાર કરવાને બદલે દલીલથી તે સત્યને દબાવવા પ્રયત્ન કરીએ છીએ. બીજા સમાજના ગુણો કે સત્યોને આવા દષ્ટિવિપર્યાસથી નથી જોઈ શકતા, એટલું જ નહી બલ્કે તેને અસત્ય ઠરાવવાનો આપણા વર્ગમાં વાણીથી કે લેખનથી દુષ્ટ પ્રચાર પણ કરવા ચૂકતા નથી. આ ઉન્નતિપથનું ઘાતક અને ઘૃણાજનક પગલુ છે.

જો આપણે પૂર્ણ હોઇએ તો તો પછી સર્વજ્ઞ થઈ ગયા; અને સર્વજ્ઞને શરીર, કુટુંબ, સંપત્તિ વિગેરે શાં? એટલે માનવું જ પડશે કે આપણે અપૂર્ણ છીએ. જો અપૂર્ણ હોઇએ તો આપણો માનેલો ધર્મ, આપણુ માનેલુ સત્ય અને આપણા માનેલાં મન્તવ્યો પણ અપૂર્ણ જ હોવાનાં; તો અપૂર્ણતાને પોષવાનો કદાગ્રહ શા માટે જોઇએ?

મનુષ્ય માત્રને મગજ છે તેને સ્વતંત્ર વિચારો હોવાજ જોઇએ! કદાચ તે વિચારોમાં ત્રુટિ હોય તો તમારામાં પણ ક્યા નથી? તમારો રાહ સાચોજ હશે તો જગત સહેજે પકડી લેશે. જગત સુધારની આટલી ચટપટી શી? તમારી આ જગતને ઝટપટ સુધારી નાખવાની વૃત્તિજ તમારી અપૂર્ણતા સૂચવે છે. બીજા ને નીચ ગણવાના ભાવજ પ્રત્યક્ષ સાક્ષી પુરે છે કે તમો પોતેજ ભૂલથી ભરેલા છો. અન્ય ધર્મની નિન્દા, તિરસ્કાર, દ્વેષ અને અસહિષ્ણુતા આવી પ્રચ્છન્ન ભૂલોથી જ જન્મે છે.

વાસ્તવિક રીતે બધા ધર્મોના મૌલિક સિદ્ધાંતો સમાનજ છે. બધા આત્મતત્ત્વના સાક્ષાત્કારમાં માને છે. એ બનવાયોગ્ય છે કે

ઘણા મત કે ધર્મના એવા વિચારો હોય કે આપણે ન સમજી શકીએ કે ન આચરી શકીએ પણ તેથી તે અસત્ય છે એમ માની અવગણી શી રીતે શકાય?

આવા મતભેદોમા મુખ્યત્વે બુદ્ધિનો ભેદ હોય છે જો બુદ્ધિની સાથે હૃદય જોડવામા આવે તો ધર્મને નામે મ્દાગ્રહથી થતા ઝગડા તુરતજ શમી જાય!

આ બન્ને પ્રકારની સહિષ્ણુતાની તો આપણે પગલે અને ડગલે જરૂર પડે છે, આ ગુણને તો જીવનમા ક્ષણે ક્ષણે સ્થાન આપવુ જોઇએ.



નિર્ભયતા.

(૯)

અહિંસાનું ફળ નિર્ભયતા છે, એમ કહીએ કે ત્યાગનો ઉદ્દેશક નિર્ભયતા છે એમ કહીએ તે બન્ને એકજ છે. કોઈપણ ભયથી રહિત થવું તેનું નામ નિર્ભયતા છે

ભયો અનેક પ્રકારના હોય છે કીર્તિનો, અપયશનો, વેદનાનો, પરલોકનો, ઋણનો તથા એવાજ બીજા અકસ્માતનો, અને મૃત્યુનો.

જુદેજુદે સમયે જીવનમાં આપણે અનેક પ્રકારના ભયો જુદાં ક્ષેત્રોમાં જુદીજુદી રીતે અનુભવતા હોઇએ છીએ

કોઇ કરજદાર માણસ કરજ કરતા મૃત્યુને વધારે પસંદ કરશે, અને કેટલાક એવા મૃત્યુ આપણે જોયે પણ છે ઘણા સખ્ત રોગથી કંટાળી જઇ અગ્નિમા બળી મૃત્યુ પામે છે, કેટલાક સમાજના અપયશથી ડરી પાણીમા ડૂબી મરે છે, કે ગળે ફાંસો ખાય છે. પણ આ બધા ભયોમા જે કોઈ મૃત્યુ પામે છે, તેમા મોટે ભાગે નિર્બળ મનના માણસો હોય છે અને વિશેષ કરીને સ્ત્રીઓજ તેના આકસ્મિક મરણનો ભોગ થતી જોવામા આવે છે

એટલે સર્વ જીવોને લાગુ પડે તેવો અને સર્વસામાન્ય ગણાતો

કે વિશેષ જન્તુનો ભય કેવળ મૃત્યુનો જ છે કોઈ ભવિષ્યવેત્તા જ્યોતિષ વિદ્યાથી કે હસ્તરેખા વિજ્ઞાનથી એમ કહે કે—તમો ૭૦ ૮૦ થી વધુ આયુષ્ય ભોગવવાના છો, પણ ચાલીસમે વરસે એક મહાન ઘાત છે આ વખતે સામાન્ય સામાન્ય વેદનાના ભયથી આપણે કંપી ઉઠીએ છીએ પરંતુ જ્યારે તે કહે છે કે એ ઘાતમાંથી તમો બચી જશો ત્યારે આપણને આહ્લાદ ઉત્પન્ન થાય છે. વેદનાનો ભય મૃત્યુની નિર્ભયતા આગળ ગૌણ થાય છે આજ રીતે સર્વ વિષયો ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે મૃત્યુનો ભય તેજ ઉત્કૃષ્ટ ભય છે

આ ભયજ જીવનધારાનો આનંદ લૂંટી લે છે મોટા મોટા વિચારક કે તત્વજ્ઞાની ગણાતા મનુષ્યોમા પણ થોડીથી નહિ તો હૃદયથી અવશ્ય આ ભય પ્રતીત થાય છે આનું કારણ શું હશે? તેના કેટલાક બંધુઓ પ્રશ્ન કરે છે— આનો ઉત્તર સ્પષ્ટ છે કે જડ અને ચેતન અથવા માયા અને બ્રહ્મના સમર્થન લઈને કુદરતી એવી ખાતરી પડી છે કે શરીર ન જ ટકે જો શરીરને મારૂં સમજે તો પણ કંઈક અંશે મરણ ભયથી મુક્ત થવાય! પરંતુ દેહ એજ પોતે—અને પોતે તેજ દેહ આભાસ હોવાથીજ દેહના વિયોગે આ બધાનો વિયોગ થશે એવા સંસ્કાર છે અને સ્ત્રી, ઘર, બાર, કુટુંબ, માલ મિલકત કે ઓ પુત્ર પરિવાર પરંતુ સમસ્ત વાસ કે આસક્તિ છે, આથી તેનો વિરહ પણ દુઃખ ઉપજાવે છે

આનો બધી માન્યતાની પાછળ રહેલ વિચારનો આંતરિક ભય પણ હોય છે, કે જે સૂક્ષ્મ રીતે મનમાં ભમતો રહે છે આપણે જાગૃત હોઈએ, કે નિદ્રામાં હોઈએ તે બધું કાર્ય તો સતત ચાલુ જ હોય છે.

અંધારી રાત હોય ને બહાર નીકળતાં બીક લાગે, વગ

ખખડાટ થયો કે હૃદય ધબકે; એક નાનું જંતુ નીકળ્યું કે વોય બાપુરિયા થઇ જાય! વાઘ અને સિંહની ગર્જના સાંભળતાંજ અંગે અંગ શિથિલ થઇ જાય!

આમાંના ઘણાપ્રકારા ભયો તો રૂઢિગત હોય છે કે જે માતા પિતાનાં સંસ્કારોથી કે વાતાવરણ પરથી ઉતરી આવે છે. મા નાના બાળકને રે બાઉ આવ્યો! વિગેરે વિગેરે કહી ખોટા સંસ્કારોને ઉત્તેજિત કરે છે. પરંતુ એ બધાંનું મૂળ તો આપણા પોતામાં રહેલી ક્રૂર-વૃત્તિજ છે.

અહિંસાની સાચી લાગણીથી એ ક્રૂર વૃત્તિ શાન્ત થાય છે અથવા મરી જાય છે કે—તુરત મૈત્રીભાવ ઉત્પન્ન થાય છે આખા જગતના જીવો પોતા સમાન બને છે. ત્યાં શત્રુ જેવી વસ્તુ પણ રહેતી નથી. આ ફલઃ એજ સંયમ, ત્યાગ અને અહિંસાનું પરિણામછે.

જ્યારે તમે શત્રુ પર મિત્રભાવ રાખો, એટલે તમારા તરફનો ભય તેમને ગયો. બસ એ ગયો એટલે તમો અભય થઈજ ગયા. કારણકે બ્હારનું બધું આક્રમણ પ્રતિક્રિયા રૂપે જ હોય છે એક વાઘ સિંહ જેવું ભયંકર પ્રાણી પણ જો જાણે કે તમારાથી તે અભય છે, તો તમારા પર આક્રમણ તો નહી જ કરે; બલ્કે તમારા ખોળામાં ખેલવા માંડશે. તેથી વિરૂદ્ધ એક બિલાડી જેવું પામર પ્રાણી પણ તમારા તરફથી ભય જોશે, ત્યારે સાર્વત્રિક બળનો સંગ્રહ કરી તમારા પર ત્રાપ જરૂર મારશે; અને પોતાથી બનતું કરશે.

પૂર્વકાલના ઋષિ, મુનિ અને યોગીઓનાં સેંકડો ઐતિહાસિક દૃષ્ટાંતો છે, અને આજે પણ એવા ઘણા મૈત્રી પૂર્ણ જીવો દેખાય છે કે જેની પાસે ક્રૂર ગણાતા પશુઓ પણ ગેલ કરે છે. થોડા સમય

પહેલા એક કૂવામાં નર્ક ... ... દરી ... 'ના ... ...
નીચે એક ... ... મિ... ... ... જેને ... ...
ત્રાપ કરવાનું ... ...
માન અંગિગાન કે મિનસાર ...

મૃત્યુનો ભય તો શું ? પરન્તુ આ ... ...
... યોગોમાં અને નમે ... ...
તેને ભયની લાગણી રહેવાની છે તેનો અર્થ ... ...

ગીતાજીમાં ... ... પ્રથમ સ્થાન
છે. જૈન શાસ્ત્રમાં તો સામનું ... ... જ્યાં
તો જન્મ જીત્યા અને ભયથી ... તો નહીં ...

ભય શાથી છૂટાય ?

શરીર પરનો મમત્વ ભાવ ત્યાગવાથી ભય ... ... છે
અને તે મમત્વભાવ આત્મ ... ...
મનુષ્ય સુવર્ણનું તેજ અને ... ...
પાસેના લોખંડો ... ... તે ... આત્માના ... ...
દર્શન થાય કે તુરતજ ... ... અને ભ્રાન્તિ
... જાય છે

> भिद्यते हृदय ग्र ि, छिद्यन्ते सर्वसंशया ।
> क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

નિર્ભય ... ...

અડોલતાની ... ...
અને બીજી ... ... છે
... ... રહે તે ...
... અડોલતા ... અડોલતાના મેરૂ જેવી નિષ્કંપાવસ્થા
... થાય છે

આ સ્થિતિમાંજ આપણે જેને મુક્તિ કહીએ તેનો એટલે કે એવા અનંત સુખનો અનુભવ કરી શકાય છે

અને નિર્ભયતાને આપણા અંતિમ ધ્યેય અને સુખને કાર્યસિદ્ધિ તો આવી શકે આપણી વર્તમાન પરિસ્થિતિમાં જેમ મુક્તિ, તેમજ તે સ્થિતિના ધ્યેય રાખવા કરતાં એ નિર્ભયતાના ધ્યેય તરફ આપણે પ્રગતિ કરીએ, તો તે વધુ ઉચિત અને કાર્યસાધક થઈ પડશે.



સર્વાર્પણ.

૧૦

સર્વાર્પણ—અર્થાત્ બધી વસ્તુઓનો ત્યાગ.

ગીતાજીમા વર્ણવેલા ભક્તિ યોગમા અને સર્વાર્પણમા તાત્વિક કશો ભેદ નથી. ભક્તિનો વાસ્તવિક અર્થ " स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते " પોતાના સ્વરૂપમા અનુસંધાન કરવુ તે છે પોતાના એટલે આત્માના તે સ્વરૂપમા લીન થવાય, કે બાકીનું બધું સહજે ભૂલાયજ, એટલે ભક્તિ અને સર્વાર્પણ બન્ને એક ભાવ સૂચવે છે

આજેતો ભક્તિનો અર્થ આપણામાનો એક વર્ગ સમજે છે કે મૂર્તિપૂજા કરવી અને પ્રભુ પ્રત્યે બહુ માન બતાવવુ, બીજો વર્ગ માને છે કે ભજનો ગાવા અને સ્મરણ કરવુ, ત્રીજો વર્ગ કહે છે કે ચૈતન્યની કે નિરક્ષર બ્રહ્મની પૂજા કરવી આપ્ત સજ્જન પુરૂષોનો સત્સંગ કરવો કે તેમના વચનામૃત પીવા

આ બધા ભાવો ભક્તિયોગના પોષક છે, પરંતુ તે પોતે ભક્તિ ન કહી શકાય એટલે જ ભક્તિ શબ્દ કાઢી આપણે સર્વાર્પણ શબ્દની યોજના કરી છે

જૈન દર્શનકારનો ત્યાગ પછી જે તપશ્ચર્યા માર્ગ આવે છે, તેની સાથે પણ સર્વાર્પણનો સમન્વય થઈ શકે જૈન શાસ્ત્રોમાં સર્વાર્પણને

યજ્ઞ તરીકે ઓળખાવ્યુ છે તે યજ્ઞમા સર્વકર્મોની આહૂતિ આપવાની હોય છે

સર્વાર્પણનો માર્ગ બહારથી સહેલો લાગે છે તેટલોજ આચરવામા કઠિન છે શાસ્ત્રોને ભણ્યા પછી પણ ભૂલી જવુ સંપત્તિવાળો હોવા છતા ગરીબી સ્વીકારવી, અમીરીમા પણ ફકીરી આરાધવી, મોટે આસને બેસીને પણ સ્વાભાવિક નમ્રતા રહેવી એ કઈ સામાન્ય વાત નથી

આ માર્ગમા મીરાં, ભક્તનૃસિંહ વિગેરેના દષ્ટાંતો આપણે જાણતા છે તેમણે બધુએ તજી દીધુ હતુ આ ત્યાગની વેદીમા બીજુ બધુએ હો કે ન હો, પરંતુ અહંકારની આહૂતિ અવશ્ય અપાય જ હુ પોતે કંઈક છુ એવી ભાવના મરી જાય તેનુજ નામ સર્વાર્પણ

ત્યાગ કરવો હજુ સહેલ છે, પરંતુ અહંમાંર કાઢવો સહેલો નથી એ હંમેશા હલકા મનુષ્યમા પણ હુ કઈ છુ તેવી વૃત્તિ હોયજ છે, અને આથીજ તે પોતાથી તુચ્છ ગણાતા પર પોતાનુ આધિપત્ય જમાવતો રહે છે આજ સ્થિતિ મધ્યમ વર્ગથી માંડીને મહાન યોગી સુધી રહી હોય છે

વિદ્યાનો, ધનનો, સત્તાનો, શક્તિનો જાતિનો કે એવો કોઇ પણ જાતનો અહંકાર નષ્ટ ક્યારે થાય? જ્યારે જણાય કે હુ તો કંઇ પણ નથી.

એક વિદ્વાન બાણુએ મૃત્યુ વખતે એજ માગણી કરી હતી કે હે પ્રભો! મારા જ્ઞાન ગુમાનની ગાઠડી, શિરથી ઉતરાવો આજ" મને બીજુ નથી જોઇતુ માત્ર આ મારી જ્ઞાનની ગાઠડી ઉતારી નાખ એટલે મારો બોજો હળવો થાય' આ બોજોજ મનુષ્યને આગળ જતા રોકી રાખે છે

બસ સર્વાર્પણ પ્રાપ્ત થયું એટલે જગતની નશ્વરતા એની મેળે સહજ થઈ જાય. નાદૃશ્યાતર મનખાતર આ વિશ્વ તર [illegible] ન્યાં થઈ જાય.

તેવામાં જ્યારે સ્વાર્થ ન હોય અને ખયું પીયું એ હરી [illegible] એટલું જાણવું છે, તેવી રીતે ગેલ સ્વાભાવિક હિત થઈ જાય ત્યારે સમજવું કે આ સર્વાર્પણ બાર છે.

ત્યાં ઓળખવાનો કે ઉચનીચનો ભેદ તો રહેજ હને [illegible] જ્યાં ખાલી પાન દેખાય ત્યાં પૂરવા સાને તનથી મનથી અને ધનથી એને એ ચિંતા પણ ન હોય કે મારું શું થશે?

બધું અર્પણ કર્યું [illegible] ગુરુતર નું [illegible] લાગ્યું આ નિષ્કામ કર્મયોગીની દશા છે એ નિષ્કામ કર્મયોગીનું અંતિમ કાર્ય એનું નામ સર્વાર્પણ.

અતિ [illegible] થાય કે શું એ માત્રા યોગ [illegible] જાય, વળી તેને માટે દિશાનો પહેરો જોઈએ નદીના પૂરની સામે ચાલનારને જેટલું બળ જોઈએ તેટલા આત્મબળની આ માર્ગમાં અપેક્ષા છે. લોકમાત્રની જે ગતિ છે તેના કરતા સર્વાર્પણવાળાની ગતિ ગજબ ઉલટી છે જગત જેને ગ્રહણ કરવા માટે તન અને મનથી મથી રહ્યું છે તેવા પણ કર ર નિજ ત્યાગી દે છે.

જગતનો અપવાદ અને લોકનો રોષ તો ઓરવો પડે, ઝેરના ઘુંટડાને અમૃત કરવું પડે છે તેનો સાથીસંગી કોઈ રહેતું નથી એકમાત્ર અંતરઆત્માની મીઠી છાંયડી રહે છે. સાથીજ આ માર્ગ તો છે ગજાનો કાયરનું નહીં કામ જેને માગું મૂકવા સિવાયની વાતને સર્વાર્પણમાં જરાએ અવકાશ નથી શૂર વીર અને ધીર પુરુષ આ માર્ગે શીઘ્ર પોતાનું હિત સાધી શકે છે.

પ્રેમ.

૧૧

સુખની પ્રાપ્તિ માટે જેમ આપણે ત્યાગ અને સર્વાર્પણતા—એમ બે માર્ગો જોઈ ગયા તેજ પ્રમાણે એક માર્ગ ત્રીજો પણ સ્વતંત્ર છે જેને અહીં પ્રેમ તરીકે ઓળખાવ્યો છે

'Love is god" પ્રેમ એજ પ્રભુ છે એમ ક્રાઇસ્ટ મત માને છે જ્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી તેને તેમ માનવામાં આવ્યું હશે પરન્તુ તેનો વાસ્તવિક અર્થ તો બ્રહ્મનું સ્વરૂપ કે આત્માનું સ્વરૂપ જે ગણો તેજ છે

વેદાંતના—વિવેક, વૈરાગ્ય અને ષટસપત્તિ (સદ્વર્તન) આ ત્રણ સાધનો પછી મુમુક્ષુતા આવે છે તેને જ થીઓસોફિસ્ટ મતમાં પ્રેમ તરીકે વર્ણવે છે

આત્માના સ્વરૂપની ઓળખાણ એજ પ્રેમનું ફળ છે, આ માર્ગ ત્યાગ અને સર્વાર્પણ કરતાં પણ કઠિન છે એટલુંજ નહીં બલ્કે તેને યથાર્થ સમજવો તે પણ કઠિન વસ્તુ છે

તેથીજ કહ્યું છે કે 'પ્રેમ પંથ પાવકની જ્વાળા" પ્રેમ એ અગ્નિની જ્વાળા છે યોગ્યતા વિના સ્પર્શ કરે, તો બધું ભસ્મ કરે અને પામે કશુંએ નહીં

આજે તો પ્રેમને બહુ વિકૃત રૂપે જોડી દેવામાં આવ્યો છે કંચનનો પ્રેમ, કાન્તાનો પ્રેમ, સૌન્દર્યનો પ્રેમ વિગેરે વિગેરે એવા

પ્રેમની ખાતર પતંગિયાની માફક દીવે બળીને ખાખ થઇ જતાં જુવાનો જોઇએ છીએ.

આ તો બધી આસક્તિ કે રાગની જાત છે વિશુદ્ધ પ્રેમ સ્હૂ ટકીજ શી રીતે શકે ? બાહ્ય વસ્તુપરથી થતું આકર્ષણ કે સ્નેહ એ પ્રેમ નથી બલ્કે મોહ કે વાસના જ છે; આવી વાસનાની પૂર્તિમાં પ્રેમ હોઇજ શી રીતે શકે ?

પ્રેમનું સ્વરૂપ

જેમ આત્માની કલ્પના ન કરી શકાએ, તેમ પ્રેમનું સ્વરૂપ પણ કલ્પનાતીતજ છે, અગોચર છે, આવાચ્ય છે—છતાં તેની ગતિ અને પ્રકાર તો આપણે જરૂર જોઈ શકીએ છીએ.

પ્રેમ એ અમૃત છે તે ઝેરને પણ અમૃત બનાવે છે. પ્રેમ એ વ્યાપક વસ્તુ છે, તેનુ ક્ષેત્ર મર્યાદિત નથી

પતિ અને પત્ની સાથે જોડાઇ એક બીજાને પ્રેમ અર્પે છે માતા પોતાની સંતતિને સરસ્વ માને છે. રાજા પોતાના રાજ્યમાં, બંગલાવાળો પોતાના બંગલામાં—સર્વ માની લે છે એટલેજ તેનું ક્ષેત્ર સંકુચિત બની જાય છે તેને પોતાના પાળના દુ ખ નિવારવા માટે આખા વિશ્વને દુ ખ આપવું, તે જરાએ વિસાતમાં નથી લાગતું ! કે નથી તેને ખૂચતું ! આથીજ તે પ્રેમ વિકૃત થઇ મોહ કે રાગમાં પરિણમી જાય છે.

જ્યારે પ્રેમ એ તો વ્યાપક વસ્તુ છે. પ્રેમી જનને તો "वसुधैव कुटुंबक" આખી પૃથ્વી એજ પોતાની છે ત્યાં કોને દુભવે અને કોને રીઝવે ? "सबभूमि गोपालकी" ત્યાં કોને મારી માને અને કોને નહી !

પ્રેમ એ એવું ઉદાર તત્વ છે કે જે દ્વેષી પર પણ અભેદ

રીતે વહે છે પ્રેમી શત્રુને ઉત્પન્ન કરતો નથી તેને તો ,મત્ર અને શત્રુ બન્ને સમાનજ છે

પ્રેમ એ આકાશ જેવો અનંત છે, તેનો છેડો પામી શકાયજ નહિ. પ્રેમ એ તો નિત્ય વહેતુ ઝરણુ છે તે કદિએ સુકાય નહિ. પ્રેમીના અંગેઅંગમા દીપતા અને નિસ્પૃહતા દેખાય, ભય તેનાથી આઘો ફરે જીવિત તેને મન સ્વપ્ન હોય દુખ એ તો રમત હોય એજ પ્રેમીના ચિન્હ છે

પ્રેમનો પ્રાદુર્ભાવ

પ્રેમ ઉત્પન્ન કરવા માટે મનુષ્યે આખા વિશ્વને પોતાનુ કુટુંબ બનાવી લેવુ જ્યારે કુટુંબ તરીકે માન્યુ કે તુરત તેના દુખે દુખ થવાનુ જેમ ભાઇઓ પ્રત્યે લડતા છતા આપણે દુખી થઇએ છીએ તેમ. જ્યારે બીજાનુ દુખ દૂર કરવાની વૃત્તિ થઇ કે તમારૂ દુખ ભાગ્યુ

પ્રેમ કેળવવાના સાધનો

પ્રેમ કેળવવાના સાધનો બે છે -એક નિ સ્વાર્થભાવ અને બીજુ મોટુ મન (ઉદાર્દતા) આ બન્ને તત્ત્વોને ખીલવવાથી પ્રેમતત્ત્વ જાગૃત થાય છે

પ્રેમના બાધક કારણો

કોઈ પણ સાધનનો ઉપયોગ કરવા પહેલા બાધક કારણોને હટાવવાં જોઇએ પ્રેમના બાધક કારણ ત્રણ છે (૧) કુથલી (કોઇની ખોટી નિન્દા કરવી) (૨) વ્હેમ રાખવો (૩) નિર્દયતા આ ત્રણ વસ્તુઓ એવી છે કે જે પ્રેમ ઉત્પન્ન થવામા વારવાર બાધા ઉપજાવી મૂકે છે

કુથલીનો જન્મ દુષ્ટ વિચારો કે દુષ્ટ દ્દષ્ટિથી થાય છે વસ્તુ

માત્રમાં ગુણ અને દોષ એમ બે અંશો હોય છે જ્યારે દોષ તરફ જવાય ત્યારેજ નિન્દાના ભાવ જાગે છે (૧) નિન્દાથી પ્રથમ તો આપ જ જાતને આપણે નીચી મૂકીએ છીએ (૨) જેની પાસે નિન્દા કરીએ છીએ તેના દિલમા સામા માણસ પ્રતે ખોટા વિચારો જાગે એવુ વાતાવરણ ઉભુ કરીએ છીએ (૩) નિન્દાથી દૂષિત મનુષ્ય દોષરહિત થવાને બદલે વધુ આવેશ ઉત્પન્ન થઈ તેનામાં વૈરવૃત્તિ જાગે છે મહા વહેમો પેસે છે, અને નિન્દા કરનારને કલ્પના સરખી હોતી નથી તેવા મહાન ... નિન્દાદ્વારા પોતામાં અને ... પાડોશીમા ઉત્પન્ન થાય છે માટે તે દુર્ગુણને દૂર કરવા જોઇએ.

વ્હેમ-ઘણા મનુષ્યો કોઈ મારૂ બુરૂ બોલે છે કહેવા મારો કરી છે એવા ખોટા વ્હેમોને ભગતા હોય છે પોતે દુખી છે એમ માની પોતાનુ દુ ખ ચડિકા મેલડી ભવાની વિગેરે માતાઓ દૂર કરે છે એવી ખોટી ભાવનાએ થી ઘણા અનર્થ કરી નાખતા હોય છે અને ભુવાની જાળમા સપડાઈ તેના સ્વાર્થને દૂર કરવા નિદોષ પ્રાણી પ્રતે નિર્દયતા નાખવા પણ કેટલાક ચૂકતા નથી આ એમ વિકાસનુ અતિ ભયકર અને ઘાતક પગરણ છે

નિર્દયતા આ તો એક પૈશાચી કે રાક્ષસી વૃત્તિ છે તે જેમ વ્હેમમાથી ઉત્પન્ન થાય છે તેમ સ્વાર્થમાથી પણ ઉત્પન્ન થાય છે

નિર્દય મનુષ્ય પોતાના કપોલ-કલ્પિત એક ક્ષણિક સુખને માટે લાખો-કરોડોને રજાડે છે નીરો રાજા તો એક નિર્દયના નામે જગપ્રસિદ્ધ થયો તેના જીવનમા કેટ રોમાંચક નિર્દયતાની ઘટનાઓ બની છે જેમાનુ એક પ્રકરણ લઇએ કે જેથી નિર્દયતાના પરિણામનો પરિચય થાય।

એક વખતે તે સૈન્ય સાથે એ પર્વતની ખીણમા છાવણી

તેની પડો હતે તેવામા ઘાનાપૃથ્વી ખળભળે તેવો કરૂણ છતા મધુર અવાજ થયો આ ધ્વનિ પણ નીરાના કાનને રૂચિકર લાગ્યો તેણે સેનાપતિને પૂછ્યુ અવાજ ખૂબ મીઠો લાગે છે, તે શાનો ધ્વનિ હતો ?

સેનાપતિ—મહારાજ ! એક મહાન ગજરાજ પર્વત ની ટોચ પરથી લથડી પડ્યો તેના મરણની આ રાડ છે તે સગીત નથી, મહારાજ ! એતો મૃત્યુનુ રૂદન છે

નીરો—વાહ કેવો મધુર સ્વર ! એ સ્વર ફરીથી સાભળવો છે આપણી પસે હાથી છે કે ?

સેનાપતિ– [આ ક્રૂર પ્રસગથી કપી ઉઠ્યો કસાઇનુ પણ હૃદય કોમળ હોય છે આવા ક્ષણિક સ્વર સુખ માટે શુ હાથીનો હોમ થશે ? પરતુ નીરો કયા સમજે તેવો હતા] હા જી

નીરો—જાઓ હુકમ કરો કે, એક હાથીને પર્વત ની ટોચ પર લઇ જાય અને ત્યાથી પટકે

વાચનારના હૃદય હચમચે તો ઘરના જોનારની તો વાતજ શી ? આખી સેના ખળભળી ઉઠી પરતુ નીરોએ તો સત્તાના મદમા અને મોહની નિદ્રામા એક બે, ત્રણ ચાર પાચ દશ પચીસ, પચાસ એમ ૧૦૦ હાથીના પ્રાણ એક શબ્દ સાભળવામા હરી લીધા હાથી જેવુ પ્રાણી આસ્ફોટ કરે, અને પોતાને હાથે કમોતે મરી જાય છતા પણ નીરો તો હસે ! વાહ કેવો મીઠો સ્વર ? કેવુ મઝાનુ આ દશ્ય ?

જો કે મનુષ્ય પ્રથમ આવો નિર્દય નથી હોતો, પરતુ અનુકપાની લાગણી બુઠી થતા થતા આખરે આવી નિર્દયતા પણ આવી જાય છે જેમ જેમ નિર્દયતા આવતી જવાની તેમ તેમ વધુ સ્વાર્થ થવાનો અને છેવટ ઘટતા ઘટતા માત્ર પોતાના શરીર પુરતોજ તેને સ્નેહ રહેવાનો શરીરનો સ્નેહી બન્યો કે જગતનો શત્રુ

સહેજે સૂઝે? જૈન શાસ્ત્રમાં આવા પુરુષને મહારંભી અને મહા પરિગ્રહી બતાવ્યો છે તેની ગતિ નીચેની બાજુજ થતી હોય છે

આત્માનો સ્વાભાવિક ક્રમ ઉંચે જવાનો છે પ્રેમ મનુષ્યને ઉંચે લઈ જાય છે, અને સર્વ પ્રાણીઓમાં તેને પ્રભુના દર્શન કરાવે છે

તેથી વિશુદ્ધ પ્રેમને પ્રગટાવવા માટે પ્રથમ તો બાધક કારણોને દૂર કરવા અને સાધનોને વધારતા જવું

જ્યારે વિશુદ્ધ પ્રેમ ઉભરાશે ત્યારે મોક્ષના સુખ અને આનંદ તમારા ચરણમાં સામા આવી ઢળશે—અને તમો તમારા સ્વરૂપને પામી અપુનરાવૃત્ત અને અવ્યાબાધ થશો

ખંડ ૧ લો સમાપ્ત



ખંડ બીજો

સ્વાવલંબન

૧

સ્વાવલંબન એ કોઈ વ્રત નથી છતાં આપણે તેને માલા સુખમાં સ્થાન આપ્યું છે આથી સ્વાવલંબન શું છે? એ સમજી લેવું જોઈએ

ઘણી વખત ધન સંતતિ કુટુંબ સત્તા આ બધું હોવા છતાં અમે દુઃખી છીએ, એવા ઉદ્ગારો આપણે સાંભળીએ છીએ, માલા સુખનાં બધાં સાધનો હોવા છતાં માલા સુખ કેમ નહીં મળતું હોય? જવાબ એ છે કે, તેમાં આ તત્ત્વની જ ખામી છે સ્વાવલંબનનો ફલિતાર્થ આત્મસંતોષ છે બીજી આશાઓ કે બીજાઓની આશાઓ પર આધાર નહિ રાખતાં મેળવી વસ્તુઓનો સદુપયોગ કરી લેવો તેનું નામ સ્વાવલંબન છે

સ્વાવલંબનના બે પ્રકાર છે (૧) દૈહિક સ્વાવલંબન (૨) આત્મિક સ્વાવલંબન

દૈહિક સ્વાવલંબન

પોતાની જાત પર ઊભા રહેવું અથવા પોતાની રોટલી પર જ નિર્વાહ કરવો એ દૈહિક સ્વાવલંબન છે બાઈબલના જૂના કરારમાં એ શિક્ષા છે કે— તારે આગળ વધવું હોય તો, પસે ...

પરસેવાની રોટલી મેળવ   મહાત્મા ટોલસ્ટોયે આ સિદ્ધાતનો પોતાના જીવનમા રચનાત્મક ઉપયોગ કર્યો હતો

જો કે આ વસ્તુ તરફ મનુષ્યો બહુ દુર્લક્ષ્ય સેવતા હોય છે અને આ સિદ્ધાતમા તેને બહુ મહત્ત્વ પણ નથી લાગતું છતાં એ તત્ત્વના અભાવ જ મનુષ્યોની જીવન યાત્રા મહદ્ધા દુઃખ જનક નીવડે છે તેમા લેશ માત્ર નવાઈ નથી

દૈહિક સ્વાવલંબનનો અર્થ એટલો જ નથી કે શારીરિક મહેનત જ આખો દિવસ કર્યા કરવી અને તે દ્વારા શારીરિક સાધનો મેળવવા, પરન્તુ માનસિક અને શારીરિક બન્ને શ્રમ હોવા જોઈએ માનસિક શ્રમથી મનનો દુષ્ટ વેગ અટકી જાય છે અને શારીરિક શ્રમથી સ્વાસ્થ્ય જળવાઈ રહે છે

આજે તો સ્પષ્ટ બે વર્ગ પડી ગયા છે એક બુદ્ધિજીવી અને બીજો શ્રમજીવી એક બુદ્ધિવાદી વર્ગ અને બીજો મજૂરવર્ગ આ બેમા એક માત્ર બુદ્ધિનું કાર્ય કરે છે ત્યારે બીજો માત્ર શારીરિક જ શ્રમ સેવ્યા કરે છે આમાથી વળી એક ત્રીજો વર્ગ નીકળ્યો છે જેને શ્રીમંત વર્ગ કહી શકાય આ વર્ગને માનસિક કે શારીરિક કશું કાર્ય કરવાનું હોતું નથી અને કાંઈ હોય તો માનસિક કાર્ય હોય છે

શારીરિક શ્રમના અભાવે શરીર સુસ્ત બને આળસુ થઈ જાય છે બીજી તરફથી તેને હૃષ્ટ પુષ્ટ ખાવું આવવાથી તે ઉન્મત્ત થાય છે ભોગ વિલાસોની લત લાગી જાય છે નિરંકુશ શરીર ઘણા અનાચારો કે અત્યાચારો કરી બેસે છે અને રોગોનું આગાર બની જાય છે

તેને સુધારવા માટે પણ દેહ શ્રમનું કાર્ય લેવું પડે દેહ શ્રમથી શરીર સ્વાસ્થ્ય રહે છે એટલું જ નહિ પણ તે પોતે તે રીતે શરીર વાટે પોતાના ભાઈઓની સેવા બજાવે છે અને શ્રમના મૂલ્ય સમજે

કે જે દેશ પરિશ્રમી મનુષ્ય હોય છે તે દેશ કદિ દુઃખી રહેતો નથી. ગરીબી અને એવા અનેક દુઃખોના મૂળ કારણરૂપ ઘણુંકરીને સ્વાવલંબનનો અભાવ જ હોય છે.

દેહક-ચારથી માલૂમ પોતાની જાતને બહુ નિર્દોષ રાખી કે તે સ્પષ્ટ મિના છે. અધર્મ કરીને મેળવેલી વસ્તુનું દાન કે ... તે કરતા ધર્મનું મેળવી પોતાનું સંતુષ્ટ જીવન ગાળવું ... કલ્યાણકારી છે.

આત્મિક અવલંબન

ભગવાન મહાવીરનો એક શ્લોક છે કે "अप्पा कत्ता विकत्ता य-सुहाण य दुहाण य" અર્થ એ છે કે, તમારો આત્માજ સુખ અને દુઃખનો કર્તા તેમજ ભોક્તા છે. આ સંકતમાથી બે વસ્તુ નીકળે છે. એક પુરૂષાર્થ અને બીજું પ્રારબ્ધ. પરંતુ તે બન્નેમા પહેલું સ્થાન તો પુરૂષાર્થનેજ છે.

આત્મા સદૈવ એકનોજ છે તે પોતેજ સૌ કંઈ કરવા સમર્થ છે, બીજાની આશા રાખવી તે નનામી છે, અન્યથી મળતું ... એ પરાધીન છે, કોઇ આત્માને કશું આપી શકે નહિ કે ... શકે નહિ, આત્મા પોતેજ સનાથ છે તેનો નાથ કોઈ ન હોઇ શકે, આવી માન્યતાપૂર્વક જે આત્માને ... અવલંબી શુદ્ધ ક્રિયા કરવી તેનું નામ આત્મિક અવલંબન છે.

જૈન શાસ્ત્રમા આજ સંબંધમા એક સનાથનું કહેવું કે આત્મિક અવલંબનનું કહ્યું એક સ્પષ્ટ ચિત્ર છે જેનું અવતરણ અહીં લીધુ છે—

શ્રેણિક રાજાનો એ ... નગરીના રાજા ક્રીડાર્થે વનમાં વિહાર કરે છે. તેનામાં એકાએક ... શાન્તિનો પુંજ દેખાય છે.

એ સૌંદર્યથી આકર્ષાઈ મહારાજા જાતે ત્યાં પહોંચે છે, અને બત્રીશ લક્ષણા પુરૂષને જુએ છે આવું દિવ્ય તેજ, અપૂર્વ પ્રભાવશાળી વ્યક્તિત્વ અને સુમધુર આકૃતિ જોઈ તઉલ્લસિત થઈ જાય છે, અને બીજીજ ક્ષણે ત્યાગ, તપશ્ચર્યા તથા સંયમ દેખી આશ્ચર્યચકિત થઈ જાય છે

ક્ષણભર મીટ માંડી ઉભો રહે છે તેવામાં યુવાન યોગી સમાધિ છોડે છે, અને રાજા પ્રશ્ન કરે છે કે 'યુવાન વયમાં યોગ શાથી? ભોગના સમયમાં ત્યાગ શા માટે?' પ્રત્યુત્તર મળે છે કે—હું અનાથ હતો, એ અનાથપણાના દુઃખથી છૂટવા કે સનાથ બનવો જે જોતો તે, તે માટે આ ત્યાગ દશા છે

આ સાંભળી રાજા નાથ બનવા તૈયાર થઈ જાય છે યોગી કહે છે કે ભાઈ! ધીરો થા, બાપ ધીરો થા—સનાથતાનું કે અનાથતાનું તને ભાનજ ક્યાં છે? તું પોતેજ અનાથ છો જે પોતે અનાથ હોય —તે બીજાની રક્ષા શી રીતે કરે? વિગેરે તાત્વિક પ્રવચન નથી સમજાવે છે

રાજાને ભાન થાય છે કે શરીર ઇંદ્રિય, અને કુટુંબ પરની આસક્તિ એ પણ ગુલામી છે આસક્તિવાળો આત્મા અનાથ છે, પરતંત્ર છે જેનો આત્મા જ પરતંત્ર હોય તેને બીજી સ્વતંત્રતા શું સુખ આપવાની હતી? જેનું મન જ વિષયકષાયના બંધાયેલું છે તેને જંગલમાં જવા છતાં મુક્તિ ક્યાં હતી?

ઉપરના પ્રસંગથી આપણે એજ સમજવાનું રહે છે કે, દૈહિક આર્થિક કે રાષ્ટ્રીય સ્વાવલંબન મેળવ્યા પછી પણ આત્મિક સ્વાવલંબનની અપેક્ષા રહેજ છે જેમ જેમ આત્મિક સ્વાતંત્ર્ય મન-એનગે કે કામ ક્રોધ અહંકાર, દર્પ, માયા વિગેરેથી આત્મા છૂટો થતો જાય તેમ તેમ સ્વતંત્રતા પ્રાપ્ત થાય અને સુખનો સાક્ષાત્કાર થતો રહે કે જેને આપણે ઇચ્છીએ રહ્યા છીએ

કેટલાક મનુષ્યો દેવીપૂજા કરી તેની પાસેથી ધન, સંપત્તિ કે સુખ મેળવવાની આશા રાખે છે આ પણ એક મહાન પરતંત્રતા છે આવી પરતંત્રતાથી મનુષ્ય પોતાનો પુરુષાર્થ ચૂકે છે, અને વ્હેમી બની જાય છે વળી બીજાનાં આલંબનથી તે આશામાં જીવનારો અને નિર્બળ બને છે માટે તેની જાળથી જલ્દી મુક્ત થઈ જવું જોઈએ.

પ્રથમ તો પ્રત્યેક મનુષ્યે દૈહિક સ્વાવલંબન સાધી લેવું જોઈએ આ સ્વાવલંબનના વિદ્યા, કળા, વિજ્ઞાન અને ધાર્મિક સંસ્કાર આ ચારે પાયા છે દૈહિક સ્વાવલંબનથી મનુષ્ય જેવી રીતે પોતાની જાતને સ્વતંત્ર બનાવે છે, તેમ કુટુંબ સમાજ અને દેશને પણ સ્વતંત્ર બનાવી શકે છે પોતે પોતાનો સ્વયંસેવક અને અન્યનો પરિચારક બની જાય છે બાહ્ય સુખના સાધનભૂત આ [illegible] વસ્તુ જ હોઈ તેનું સ્થાન પછીના નંબરમાં રાખ્યું છે

જે જે ભૂમિકાને યોગ્ય હોય તે તે સ્વાવલંબનને શીઘ્ર મનુષ્ય સાધવા લાગી જાય. સ્વાવલંબનનો અર્થ રખે કોઈ એકલા કે અતડા રહેવું એવો ન કરે !



સમાજનું બંધારણ

૨

જે ભાઈઓ એમ પ્રશ્ન કરે છે કે સમાજ શા માટે જોઈએ? સમાજ એ તો પરાધીનતા છે એમણે સમજવું જોઈએ કે સ્વાવલંબન એ સ્વતંત્રતા છે પરંતુ તેનો અર્થ સ્વછંદતા નથી

સ્વછંદી મનુષ્ય અને સ્વાવલંબી મનુષ્ય બન્ને પરાધીન તો હોય જ છે ફેર માત્ર એટલો કે સ્વાવલંબી સમાજના નિયમોને આધીન હોય છે જ્યારે સ્વછંદી સમાજને આધીન નથી હોતા પરંતુ પ્રકૃતિને આધીન હોય છે વાસના જેમ નચાવે, પ્રકૃતિ જેમ ખેલાવે તેમ તે નાચે ખેલે છે અને અનેક દુખોને નોતરે છે

સ્વાવલંબી મનુષ્ય પ્રકૃતિથી સ્વતંત્ર છે પરંતુ નિયમો કે નીતિના બંધનોથી તે જરૂર જકડાયેલો રહે છે આ નીતિના નિયમનો માટે જ સમાજની રચના થવા પામી છે

સમાજની ઉત્પત્તિ

સમાજ એટલે વ્યક્તિઓનો સમૂહ નાસમજણમાં મનુષ્ય જે ભૂલો કરી બેસે છે તેની જોખદારી રાખવા કે સુધારણા કરવા માટે સંગઠનની આવશ્યકતા ઉભી થાય છે આ સમાન વિચારોના મંડળને સમાજ કહેવામા આવે છ

સમાજનાં બે કાર્ય

સમાજના બે કાર્યો છે- (૧) સામાજિક ઉન્નતિ અને (૨) ધાર્મિક ઉન્નતિ.

સામાજિક ઉન્નતિ એટલે સમાજમાં જે કોઈ સાધનહીન વ્યક્તિ હોય તેને ધન, સેવા અને શાન્ત્વન આપી પોતાના જરાખર બનાવવો

ધાર્મિક ઉન્નતિ એટલે સદ્આચારો અને સદ્વર્તનનું વાતાવરણ જમાવવું અને તેમા થતી સ્ખલનાઓને નિવારવાના સાત્વિક ઉપાયો યોજવા.

આ બન્ને નિયમો જાળવવા માટે તેમાં માધ્યમિક નિયમો રચાય કે જેને અનુસરવું સમાજના સભ્યો માટે અનિવાર્ય જ હોવું જોઈએ

આમા જ્યારે કોઈ વિશિષ્ટગુણશાળી અને પ્રાણવાન વ્યક્તિ નીકળે તે સમાજના નેતા ગણાય અને જેમ જેમ જમાનાનો કે વાતાવરણના પલટા થાય તેમ તેમ ફેરફાર અનુલક્ષી ક્રિયાઓમા પલટો કર્યા કરે, અને સમાજમા પ્રાણ પૂર્યા કરે સમાજ તેના ગુણને લઈ તેનું બહુમાન કરે અને **" महाजनो येन गतः स पन्था "** કહી તેને અનુસરે.

સમાજની હાનિ કેમ થાય ?

જેમ પૃથ્વી પર પદાર્થ માત્ર પરિવર્તન માગે છે તેમ સમાજ પણ પરિવર્તન માગે છે; અને જો પરિવતન ન થાય તો સમાજ નાશ પામે છે. દરેક કાલમા, દરેક સ્થિતિમા અને દરેક ક્ષેત્રમા ઉપનિયમોના ફેરફારો થવાજ જોઈએ એ વિશ્વવ્યાપક નિયમ છે આમ ન થવાના ચાર કારણો છે (૧) સમાજની વ્યક્તિઓ સ્વચ્છંદી થવાથી (૨) નેતાની સત્તાનો દુરૂપયોગ થવાથી (૩) વંશપરંપરાગત નેતા થવાથી (૪) સમયને ન ઓળખવાથી!

સમાજની વ્યવસ્થા

સમાજની હંમેશા આવશ્યકતા છે અને રહેવાની સ્વાવલંબી મનુષ્યને પણ તેની જરૂર તો રહેશે જ. એ સ્વાવલંબી મનુષ્ય સ્વચ્છંદીની જેમ સમાજનો બાધક નહિ પણ સાધક થઈ રહેશે.

જો સમાજની આવશ્યકતા છે જ તો તેના વિના ચલાવી લઈએ સમાજ તો એક બેડી રૂપ છે વિગેરે કથન નિરૂપયોગી છે. માત્ર એટલું જ સમજવાનું રહે છે કે તે સમાજ પ્રાણપણ ઉપર ઉપકારક રહેવો જોઈએ બાધક નહિ. એટલે સમાજમાં વ્યવસ્થા જાળવવાનો દરેક વ્યક્તિએ પ્રયાસ કરવો જોઈએ અને ખોટી રૂઢિ તથા ખોટા કુરિવાજો કે નિર્બળતા સમાજમાં ન પેસી જાય તે માટે સાવધાન રહેવું જોઈએ.

ઘણા માણસો પોતાને અને સમાજને સાથે નહિ ગણાવી સમાજ સુધી ગયા છે વિગેરે વિગેરે કહે છે તેઓ પોતાનું માનવું સમજી શક્યા નથી. ખરું તો સમાજનું અંગ છે એમ સમજી ઉત્સાહપૂર્વક એ પોતાનું જ કામ છે તેમ સમાજના કાર્યને જોવું જોઈએ. સમાજમાં જે કંઈ ખામી છે તે પોતાની ખામી જ છે માટે પોતે જ સુધરી જવું જોઈએ.

કુટુંબ બંધારણ

કુટુંબ પણ સમાજ બંધારણનું એક નાનું સરખું અંગ જ છે. પરંતુ એટલો જ ફેર છે કે—કુટુંબનું નિર્માણ કુદરતી રીતે થઈ જાય છે જ્યારે સમાજ બંધારણ તો કરવાથી જ થાય છે. આ રીતે સમાજ બંધારણમાં પુરુષાર્થ કારણભૂત હોય છે અને કુટુંબ બંધારણમાં પ્રારબ્ધ કારણભૂત હોય છે.

તેમાં પણ માતા, પિતા, પુત્ર, બ્હેન, પતિ, પત્ની વિગેરે સંબંધો બહુ નિકટના છે. આ સંબંધો પૂર્વ ઋણાનુબંધથી થવા પામે છે. કર્મનો એવો નિયમ છે કે જે જાતના અનુકૂળ

સંયોગો હોય ત્યાં ત્યાં તે જીવાત્માને ઘસડી જાય છે. આવી જ કહ્યું છે કે " कर्मानुगो गच्छति जीवः "

કેટલાક આ સંબંધોને ક્ષણિક માની તેના પ્રત્યે ઉદાસીન રહે છે, તેઓ પોતાનું કર્તવ્ય ભૂલે છે. તેમણે સમજી લેવું જોઇએ કે આ સંબંધો આકસ્મિક નથી બલ્કે સકારણ થયેલા હોય છે. જો પોત પોતાના ધર્મો બજાવી તેઓ પરસ્પરનાં અવલંબન રૂપ બને, તો જીવન વિકાશમાં તે સંબંધો બાધા કરી શકતા નથી ઉલટા ઉપકારક પણ થઈ પડે છે.

પરંતુ જો પિતા માને કે પુત્રને પરણાવ્યો એટલે મારૂં કર્તવ્ય સમાપ્ત થયું; અને પુત્ર માને કે કમાતાં શિખ્યો એટલે પિતા માતા પ્રત્યેનું મારૂં કર્તવ્ય પૂરૂં થયું. પતિ માને કે પત્નીને પરણ્યા એટલે પતી ગયું. તો આ બધાએ સંબંધો મહાન હાનિકર નીવડે. તેજ રીતે અતિ મોહ કે મમત્વથી પણ આત્મ ઘાતક નીવડે

માટે માતા, પિતા, પુત્ર, પુત્રી, પતિ, પત્ની, મિત્ર, સ્વજન કે કોઇપણ તેવા સંબંધો સ્વાર્થમય ન હોવા જોઇએ! એનાનું કોઇ એક અંગ સ્વાર્થ તરફ ઢળ્યું કે, બીજું તો વ્હેલા મોડું ઢળવાનું જ. આ રીતે સ્વાર્થની પરંપરાથી આ સંબંધો સુખ સાધવાને બદલે બાધા પહોંચાડનાર થઇ પડે, મીઠાસ ને બદલે કડવાસ પકડે, કે અમૃતને બદલે ઝેરમય બની જાય. માટે સમાજ વ્યવસ્થામાં કે કુટુંબ કર્તવ્યમાં સમજી સમજી ને જ ચાલવાનું રહ્યું!

સમાજના કુરીવાજો કે કુટુંબના નાના નાના કુસંપો પણ ઘણીવાર સુખ સંપત્તિને હરી લે છે. તેથી તેવા નિમિત્તોથી બચી જવું અને વિવેક પૂર્વક વ્યવસ્થા જાળવી લાભ ઉઠાવવો એ જ વિચક્ષણ અને સત્ય શોધકનું પરમ કર્તવ્ય છે.

(મનુષ્ય માત્રને સ્વધર્મ ઓળખવાની અહીં જરૂર પડશે. એટલે તે પ્રકરણ હવે હાથ ધરવું પડશે.)

સ્વધર્મ

૩



ગીતાજીના અધ્યાયમાં એક શ્લોક છે કે –' **स्वधर्म निधनं श्रेय परधर्मो भयावह** " આનો અર્થ આજે એ થાય છે કે જૈન, બૌદ્ધ, ક્રિશ્ચિયન મુસ્લિમ વૈષ્ણવ વિગેરે જે ધર્મ આપણી કુલ પરંપરાથી ચાલતો હોય–તેજ આપણો ધર્મ અને બીજા બધા પરધર્મો

આવું મનાય ત્યાં સુધી પણ ઠીક કહેવાય ! પરંતુ આ તો તે સંપ્રદાયોમાં રહેના ક્રિયા ! ના ઉપરના ખોખા જાળવી રાખવા તેજ સ્વધર્મ રક્ષણ કહેવાય કે પોતાની પરંપરાગત સંસ્કારોમાં પેસી ગયેલા રૂઢિનેજ પોતાનો ધર્મ મનાતો હોય અને તેથી ભિન્ન તે પરધર્મ આવો ઉલટો અર્થ વર્તમાનમાં દેખાતો હોય તો આના જેવી બીજી ભયંકર વસ્તુ શી હોઈ શકે ?

આવા કારણોને અંગે કુવાના દેડકા માફક પોતાના સંપ્રદાય (વાડા)માજ પૂર્ણધર્મ છે અને તે પણ પોતે જેવો માને છે તેવો ધર્મજ તેને જાળવવા કૈંક નિર્દોષ માનવોના સંહાર, અનેક જીવોપર કરાતા અત્યાચાર, રાક્ષસોને શરમાવે તેવી નિર્દયતા, પોતાના કદાગ્રહોને પોષવા માટે હિંસા ચોરી, અને મારફાડ આગળ પણ ગુણમાં ખપે છે અને આવા કૃત્યો કર્યા પછી પણ સ્વર્ગ અને મોક્ષ જાણે તૈયાર બેઠા હોય ! તેમ ત્યાં તેને ગોઠવવામાં આવશે,

આવી ભાવના ઘણાના હૃદયમાં ઘર કરીને બેઠી છે આવા ધર્મ ઝનુન અને ધર્માંધતાથી હિં૦ અને હિં૦ મહાસભા ઘણા દેશોને ભારી નુકશાન પહોંચ્યુ છે

સ્વધર્મનું સ્વરૂપ

સ્વ એટલે આત્મા અને ધર્મ એટલે સ્વભાવ=આત્માના સ્વ ભાવમા રમવુ તેજ તાત્વિક સ્વધર્મ છે તે ખાતર બહારનુ બધુ એ ભલે જાય તે જવું કરવુ સારૂ=પણ પરધર્મ એટલે જડના ધર્મમા-માયાની જાળમા બુદ્ધિ ભપડાવુ નહિ

આતો થઇ તાત્વિક ધર્મની વાત. હવે આપણે જે સ્થિતિપર છીએ તેનો વિચાર કરીએ.

જૈન દર્શન કહે છે કે 'જે મનુષ્ય વ્યવહાર ધર્મને સમજ્યો નથી, તે આત્મધર્મને કેમ સમજે '' વ્યવહાર ધર્મ એટલે આપણુ વર્તમાન કર્તવ્ય, તેને ન આચરે તે આગળ કેમ વધે?

પ્રથમ તો આપણે બધા મનુષ્યો છીએ તે રીતે આપણે બધાં એક જાતના છીએ કોઇ પણ ધર્મ કે સપ્રદાયનો મનુષ્ય હોય! આપણે મનુષ્યને નાતે તેની સાથે પ્રેમ રાખી શકીએ, તેને ગરીબી કે દુખમાથી બચાવી શકીએ, દલિતોના આંસુ લુછી શકીએ, નિરાશ્રય પામેલાઓને આશ્વાસન આપી શકીએ—આ તો આપણો સામાન્ય માનવ ધર્મ છે આમા કશાય આત્મધર્મ અભડાય નહિ

ઘરમા પુત્ર પ્રત્યે પિતાનુ વાત્સલ્ય માતા પ્રત્યે પુત્રનુ કર્તવ્ય પતિ પત્ની વચ્ચેની સમાનશીલતા બાળકો પ્રત્યે માબાપોની ફરજ, એજ રીતે ભાઈ ભાંડુ સગાવ્હાલા પ્રત્યે સદા કર્તવ્ય પરાયણ રહેવુ એ આપણો કુટુબ ધર્મ છે

સમાજના બધારણમા સુવ્યવસ્થા જાળવવી, રૂઢિ અગોને.

દૂર કરવા સમાજના માણસોને કુવિચારો આપી સુમાર્ગે દોરવા તેના ધર્મથી ચૂકતા હોય તો સ્થિર કરવા આવી શિખામણ આપી ભ્રાતૃભાવે મિત્રભાવે વડિલભાવે તેના પ્રત્યે મોટું મન રાખવું તેના દુઃખને દૂર કરવાની વૃત્તિ સેવવી આ આપણો સમાજધર્મ છે

દેશ જો દુઃખથી પીડાતા હોય તેને નિવારવા અહિંસક યત્ન કરવો, શક્તિ ન હોય તો તેની ભાવના રાખવી નાનામાં મોટા કિંવા સ્વાર્થ ખાતર પણ દેશદ્રોહી ન થવું દેશના ગૌરવની દાઝ રાખવી આ આપણો રાષ્ટ્રધર્મ છે

આખા વિશ્વના પ્રાણીઓ આપણા બંધુઓ છે તેમાંના કોઇને પણ આપણી ક્રિયાથી વાણીથી કે વર્તનથી ઇરાદાપૂર્વક ત્રાસ ન પહોંચે તેની સતત જાગૃતિ રાખ્યા કરવી તેને માટે જૈન સૂત્રમાં એક બહુ સુંદર સૂક્ત છે કે जयं चरे जयं चिट्ठे जयमासे जयंसए સુવામાં બેસવામાં બોલવામાં ઊઠવામાં સર્વ ક્રિયામાં ઉપયોગ રાખો) પરિમાણ કરવાં સાધનો લઇ સંયમ રાખવો અધિક મળ્યું હોય તેનો ત્યાગ કરવો તેની ઉદાર માટે યથાશક્તિ પાત્રો શક્તિ મેળવવી એ વિશ્વધર્મ છે

વિશ્વધર્મ કહો કે સ્વધર્મ કહો એ બંને એક જ છે પણ તેનો આરંભ ક્રમપૂર્વક થવો જોઇએ પહેલાં માનવ ધર્મ શીખી લેવો જોઇએ પછી કુટુંબધર્મ ગ્રામધર્મ દેશધર્મ વિગેરે વિગેરે

જે માણસો માનવધર્મ સમજ્યા કે આદર્યા પહેલાં આત્મધર્મની આરાધના કરવા મથી જાય છે તે આત્મધર્મ તો પામતા કે પાળતાં નથી જ પણ માનવધર્મ ચૂકી જાય છે માટે કોઇપણ ધર્મ જાળવતા બીજા ધર્મ હણાય નહીં તે ખુબજ લક્ષ રાખવું ઘટે આને માટે મહાભારતનું એક સુંદર સૂત્ર છે કે 'आत्मनः प्रतिकूल

यत् यदन्यान्न समाचरेत ' તમેને જે ન ગમે તે બીજા પ્રત્યે ન આચરો આ સૂત્ર તો અમૃત છે, તેની જીવનના દરેક ક્ષેત્રમા પરમ માડી દેવી જોઇએ. આ માર્ગે જતા આત્માનો ધર્મ તો સહેજે મળી આવશે એ નિ સશય છે

ઉપર કહ્યા તે સિવાયના પોતાની જાત પ્રત્યે પણ કેટલાક ધર્મો બજાવવાના હોય છે દેહધર્મ, મનોધર્મ ઇત્યાદિ '**शरीरमाद्य खलु धर्मसाधनम्**' દેહ એ પણ સડણ પડણ વિધ્વસણુ ધર્મવાળુ નહી, નાખી દેવાનુ સાધન નથી, બલ્કે ધર્મનુ સાધન છે માટે તેને બહુકૃશ કે બહુ પુષ્ટ ન બનાવવુ, કે જેથી શિથિલ કે અતિ પ્રમાદી થઈ, તથ શરીરને સદા અપ્રમત્ત રાખવા પુરતુ અન્નાદિ આપવુ તેજ દેહધર્મ છે તેજ રીતે ઇંદ્રિય ધર્મ અને મનોધર્મની વિના મર્યાદા પ્રકરણમા આવશે જોઇ ગયા છીએ

વાસ્તવિક રીતે વસ્તુનો સ્વભાવ તેજ વસ્તુનો ધર્મ છે આ બધા ધર્મો જાળવવા છતા આત્મધર્મ ન હણાય તેજ તે તે ધર્મને માપવાનુ યત્ર છે જો મનુષ્ય સાચા સ્વધર્મને ઓળખે તો દરેક ધર્મને પોતાના ધર્મમા અપનાવી શકે ધર્મતત્ત્વના ધ્યેય રૂપ મથનને પીછાની શકે અને બધા તત્ત્વોમા તે બાધકને બદલે સાધક થઈ પડે

સાધનોમળ્યા છતા સાચુ જ્ઞાનના અભાવમા સ્વધર્મનુ અજ્ઞાન જ મુખ્ય કારણ છે આવી વ્યક્તિ અને સમાજ બન્ને અગોને આ તત્ત્વ સમજવાની જરૂર છે તે જાણવા માટે ત્રીજા પ્રકરણમા આપણે સ્વધર્મનુ સ્થાન રાખ્યુ છે હવે તે જ્ઞાનના મુખ્ય માર્ગને તપાસવાનો પ્રયત્ન આગલા પ્રકરણમા કરીશુ

આવેશનો નિરોધ.

૪

મનુષ્યના વિકાસમાં વારંવાર ડખલ કરનાર વસ્તુનું નામ આવેશ છે. આવેશ એટલે જુસ્સો. આ જુસ્સામાં મનુષ્યોને પોતાનું ભાન નથી રહેતું; અને ઘણા વિચારક કે આગળ વધેલા મનુષ્યો પણ આ દોષમાં સપડાઈ ઘણીવાર અનર્થ કરી બેસે છે.

આવેશનું મુખ્ય કારણ.

આવેશનું કારણ લાગણીની પ્રધાનતા છે. જે મનુષ્યો લાગણીવશ હોય છે તેઓજ મોટે ભાગે આ ગુન્હાને ભોગ થઈ પડે છે. પોતાના હાથ નીચેના મનુષ્યો પર સત્તા અજમાવવા કે કોઈ નાનાં મોટાંને ઠપકો આપવા માટે આવી પડેલી પરિસ્થિતિ જ આવેશ થવાનું મૂળ છે. તેમાં જેમ જેમ ક્રોધનું સિંચન થતું જાય છે તેમ તેમ તે વૃક્ષ પાંગરતું જાય છે. પછી તો શાખા વિશાખાઓથી એટલું ઘટ અને નિબિડ થઇ જાય છે કે પ્રયત્ન કરવા છતાં ઉખડતું નથી.

જ્યાંસુધી નિમિત્ત ન મળે, ત્યાંસુધી મનુષ્ય ડાહ્યો શાંત જેવો દેખાય છે. પરંતુ પોતે ધારેલી વસ્તુ ન મળવાથી કે ધારેલું કાર્ય ન થવાથી આવેશને આધીન થઇ જાય છે. પ્રથમ તો આ આવેશ પોતાની જાતનેજ હેરાન કરે છે. આવેશને ભોગ જેટલે અંશે મનુષ્ય થઈ પડે તેટલે અંશે તેનું રુધિર બળતું હોય છે. અને ઉશ્કેરાયેલું

મગજ સમતોલપણુ ગુમાવી બેસવાથી સાહસભર્યું કાર્ય થઇ જાય છે તે કાર્ય કેટલીવાર દુ ખદ થઇ પડે છે, અને તેના નિવારણ માટે મનુષ્યને ઘણુ સોસવુ અને ખોવુ પડે છે

આ આવેશ જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ હિંસાનુ સ્વરૂપ પકડે છે. ઘણીવાર આવેશ કરનારની વિવેકબુદ્ધિ હાય ન રહેવાથી પોતાના–માતા, પિતા, વડીલ, ગુરૂજન કે સ્ત્રી ઇત્યાદિ પર (પણ) તે હુમલો કરે છે, ને મારકૂટ પણ કરી બેસે છે

જેના પર તે હુમલો ન કરી શકે, તેના પ્રત્યે તીવ્ર રોષના કાતિલ બાણો ફેંકે છે. તેના સદ્દગુણોને ન પ્રકાશતા ઉલટો ઢાકવાનો જ પ્રયત્ન સેવે છે સામાના બારિક છિદ્રોને તે શોધ્યા કરે છે અને છિદ્રો ન મળે તો કોઇ અઘટનીય ઘટના તેના પર ઢોળી દઇ, ખોટા આળ ઓઢાળીને નિન્દાનુ ઝેર પાથરે છે, અને મા નસિક વૈર-વૃત્તિનો ભાઇને કોઇ વખત તે બદલો લીધા વિના રહેતો નથી

ગીઆળવી પ્રકૃતિ પણ આવેશનુ એક સ્વરૂપ છે આ ટેવ બાળપણથી લાગુ પડી જવાનો સભવ છે માબાપોએ પોતાના બાળકોમા આવા વિચારો કે ગરનારો ન પેસવા પામે તે ધ્યાનમા રાખવુ જોઇએ

ઘણા માબાપો પરસ્પર કલહ કે આવેશ વારવાર કરતા હોય છે; તેથી પણ તે વારસો સતતિમા ઉતરે છે કેટલીકવાર બાળકોને ખીજવવાની ટેવથી પણ આવેશની અસ્કત અમર થવા માડે છે

મડલોમા હાસી, મશ્કરી કે ઠઠ્ઠાબાજી ચાલતી હોય છે ત્યારે લોકો માને છે કે, આ ગમ્મતના સાધનો છે પરતુ આવી ગમ્મતો પણ કેટલીકવાર પોતાને કે બીજાને આવેશના કારણરૂપ બને છે, માટે " अति सर्वत्र वर्जयेत " હમેશા મહુરૂપમા આવી ટેવો ન પાડવી

બહુધા આવેશની વૃત્તિનુ કારણ તો નિર્બળતા કે અણસમજણ જ છે. મનુષ્યમાત્રમા એવી ખાસિયત હોય છે કે, પોતે જે માને છે તે સત્ય છે માટે તે વિચારને બીજાઓ માને. તેમજ પોતે આચરે છે તેજ ઠીક છે, માટે બીજા તેવી રીતે આચરે. આ મનુષ્યની સરાસર મૂર્ખતા છે, છતા તે ન જાણવાથી તેની વિરૂદ્ધતાના વિચારો કે આચારો જોઈ તે તુરતજ આવેશમા આવી જાય છે તેની આખ લાલચોળ થઇ જાય છે તેની જ્યા જ્યા સત્તા હોય, દેશમા, સમાજમા કુટુબમા કે ધર્મમા ત્યા ત્યા તે પોતાના આવેશનો દુરૂપયોગ કરી નાખે છે આવેશના દુષ્પરિણામો ઘણાજ ભયકર થઇ પડે છે; અને એક માણસનો આવેશ લાખો-કરોડો મનુષ્યોના દુખનું કારણ બની જાય છે

આવેશને મારવાનો ઉપાય

આવેશ આવ્યા પછી તેને તુરત રોકવાનું સાધન સહનશીલતા છે (જેનુ વર્ણન પ્રથમ ખડના પ્રકરણમા છે) ત્રાજવાની તુલા નીચેની બાજુમા દુષ્ટપ્રવૃત્તિ તરફ નમે કે તુરતજ સહનશીલતા આવી તેમા સમાનતા લાવી શકે છે, તેથી આવે વખતે ગળી જતા શીખવુ જોઇએ

ઘણા વખતના અભ્યાસને લઇને નિમિત્ત મળતા આ વૃત્તિનો આવિર્ભાવ થવાનો સભવ છે ખરો ! તેથીજ તેવા સમયે બની શકે તો મનપર તે વસ્તુ લેવી નહિ જો મનનો એટલો અભ્યાસ ન હોય તો તે વાતાવરણ છોડી તુરતજ ચાલી નીકળવુ જોઇએ. વાતાવરણમા જેવા પરમાણુઓ ભમતા હોય છે તેની અસર સામાન્ય મનપર તુરતજ થવા લાગે છે. ઘણીવાર રૂદન થતુ હોય ત્યા એનાથી રૂદન સહેજે આવી જાય છે, કિવા બહુ હાસ્ય થતા હોય તેવા પ્રસગોમા હાસ્ય થઇ જાય છે તેમ.

પરંતુ આટલેથી જ (વાતાવરણ છોડવાથી) તે વૃત્તિ (આવેશ) નો લય થતો નથી, તેથી તે વૃત્તિને મૂળ નાબૂદ કરવા માટે તો નીતસર અભ્યાસ આદરી દેવો જોઈએ

અતિ તામસી ખાણાથી પણ પ્રકૃતિમાં આવેશની લાગણી પેસે છે કટકીકરાર આસપાસના મિત્રોના સંસર્ગથી પણ આવેશને ટેકો મળે છે અને ખુશામત ખોરોના સંગથી આવેશ ફુલે ફાલે છે, તેથી આવા બધા પરિચયથી છૂટી જવું જોઈએ

આવેશનો નિરોધ આત્માર્થીને તો આવશ્યક છેજ, પરંતુ વ્યવહારમાં પણ તેની ડગલે ને પગલે જરૂર પડે છે આવેશને રોકનાર માણસજ સમાજનો માનનીય અને પૂજનીય બની શકે છે એટલુંજ નહિ, બલ્કે બીજા [illegible] ને અનુગ્રહ કરવા રૂપ નીવડે છે

માટે આવેશને [illegible] તો ક્ષણેક્ષણ તૈયાર રહેવું જોઈએ। એજ આપણા જીવન વિ[illegible]નું પહેલું અને છેલ્લું સાધન છે

ખંડ બીજો સમાપ્ત.



વિકાશનો રાજમાર્ગ

૫

અમે બેકાર છીએ, દેવાથી દબાયેલા છીએ, સમાજથી તરછોડાયેલા છીએ સાત્વિક જીવનથી પતિત થયા છીએ સાધનોથી હીન છીએ ઉચ્ચ પ્રકારના સાહિત્યને સમજી શકતા નથી, અમારી પરાધીનતાનો કોઇ પાર નથી, આત્મિક અને શારીરિક બન્ને દરદોથી પીડાયેલા છીએ. આવી સ્થિતિમા અમારે માટે ઉગરવાનો કોઇ ઉપાય છે? અમારી સ્થિતિ સુધારવાની કોઈ રસાયણ છે? અમારી જીવનયાત્રા ઉજાળનારી કોઇ દિશા છે? અમારે માટે વિકાશનો કોઇ પથ છે?

અનુભવી પુરૂષો આ પ્રશ્નોનુ સમાધાન કરે છે કે "હાલમા તમારી પાસે જે કઈ છે તે પુરતુ છે અને જે નથી તેની તમોને જરૂર નથી" વિકાશ પોતે જ રાજમાર્ગ એટલે કે ધોરી રસ્તો છે ત્યા કોઇને જવા માટે બધન નથી વિકાશ માર્ગના દ્વાર પ્રાણિમાત્રને માટે ખુલ્લા પડ્યા છે તે પર ચાલવા સારૂ તમારી કને કોઈપણ વાહન ન હોય તો તમે પગથી પણ જઇ શકો છો

સ્વાભાવિક મળેલાં સાધનો

તમારા બે પગમા એટલી તાકાત છે કે આખી દુનિયા પણ

તમારા પગની શક્તિ આગળ તો તુકી જ છે તમારી બે આખોમા એટલી શક્તિ છે કે, જે સૂક્ષ્મ મોવવી માડીો રાક્ષમી યત્રોને એક જ વારમા મા લી લે છે આખા વિશ્વના દશ્યો તેને જોવા માટે ઓછા પડે છે વસ્તુઓ વિચારી થાકે પણ આખે તો સદાયે તાજી ને તાજી તમારા હાથની આ ાળીઓ અને ટેરવામા તે તાકાત છે કે જે હજારો યત્રમા નથી તમારા શરીરમા જે બળ છે તે જડપદાર્થમા ડાક્યે નથી તમારી ઇન્દ્રિયો અને શરીરમા જ આટલી શક્તિ સમાયેલી છે

તમારા મનની તો વાત જ શી ? એક જ ક્ષણમા તે સ્વર્ગની સહેલ કરાવી આપે છે, અને આખા વિશ્વને નચાવી શકે છે

તમારા આત્મામા જે અનતજ્ઞાન અને અનતવીર્ય છે તેતો અદ્ભુત જ છે ભગવાન મહાવીરે કહ્યુ છે કે અપ્પા कामदुघा धेणू, अप्पा मे नंदणवणं આત્મા એ કામધેનુ છે તમારી જે ઇચ્છા થા કે તે વસ્તુ તુરત તૈયાર આપે ! જાદુગરને તો ઇચ્છાપૂર્તિ લબ્ધી ” અને અમર બેઉ જોઈએ ામધેનુ ને તા સ્ફુર ૯ ઇચ્છો એટલે તુરત મળતુ જ છે વળી આત્મા એ નદનવન ૭ નદનવન તો ત્રણે ઋતુઓમા સમાન તેના તરુઓ સદાયે ફળમય અને ત્યાના ફળો સદાયે રમણીય તેમ આત્માએ ત્રણે અવસ્થાઓમા સમાન આત્માને ાનપણુ બુઢાપણુ કે મરણ છુએ નથી ગીતાજીમા કહ્યુ છે તેમ नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ” તેને શસ્ત્રો છેદીએ શકે નહિ, કે અગ્નિ બાળી શકે નહિ

આ બધા સાધનો તો તમારી પાસે છે ને ? આ બધી વસ્તુઓ એવી સ્વાભાવિક છે કે તેને કોઇ ચોરી ન શકે કે ઝૂટવી એ ન શકે મનુષ્યે સતોષ ધારણ કર્યો કે (જ્યા ત હોય ત્યા) સુખ આવ્યુ, તૃષ્ણામા પડ્યો કે દુઃખ આવ્યુ પછી સંપત્તિ હો યા ન હો !

આજની માન્યતા

પણ આજે તો સંપત્તિ મળવાથી સુખ અને ગરીબીમા દુઃખ એ માન્યતા ઘર કરી બેઠી છે જ્યા સુધી આ સરનારા રહે છે ત્યા સુધી તો "મેરૂ પર્વત જેવડા સોનાના ડુંગરો પણ એક મનુષ્ય માટે પૂરતા નથી" ત્યા હજાર લાખ, કરોડ કે અબજનું તો પૂછવુજ શું?

આપણે આજે માગીએ છીએ તે મળવાનુ નથી, એમ મનુષ્ય માને છે તેની શક્તિની બહારની તે વસ્તુ છે એમ ઘણીવાર સમજે છે જેણે પ્રાપ્ત કર્યું છે તેના જીવનમા પણ શાન્તિ આવી નથી તેમ વારવાર અનુભવે છે છતા હજુ તે માર્ગને જ્યોની માફક વળગી રહ્યો છે, એનુ કારણ એક માત્ર તેનુ અજ્ઞાન જ છે

વાસ્તવિક રીતે તો મનુષ્ય આ બધુ જાણવા છતા નથી જોતો અર્થાત્ કે મોટેથી બોલે છે કે—લક્ષ્મી વિજળી જેવી ચકોર છે મોટાઇ પતગ રગ જેવી ક્ષણિક , આયુષ્ય જલના તરગ જેવુ ચચલ છે. વિષયો એ " खणमित्तसुक्खा—बहुकालदुक्खा " મહાદુઃખદાયી છે" પરતુ તેના અતઃકરણમા આ વાત જરાએ સ્પર્શી હોતી નથી ઘણીવાર સ્વપ્નામા માણસ ગભરાય છે પણ તેની મન પર કશી અસર હોતી નથી તેવુજ આ સબધમા છે

અન્યથા સર્પના ફુંફાડાથી દૂર ભગાય છે તેમ ભોગોથી મનુષ્ય નાસતો ફરે. વિષયોને ઝેર જાણવા પછી પીવાની વાત તો દૂર રહી, તેને તો અડવામા અને જોવામા પણ સુગ આવે.

સાચી વાત

ખરી રીતે તો તમારી પાસે ધન ન હોય તો માનજો કે

તમારા માટે વિકાસનો માર્ગ વધુ નજીક છે. ભગવાનના સાધનો આપી કુદરતે કોઈને મહાન નથી બનાવ્યા. મીરા, નરસિંહ, તુલસીદાસ વિગેરે બધા અગવડની જ નિશાળમાં ભણી આગળ વધ્યા હતા.

તમો દેવાદાર હો તો સાચી નીતિ રાખો. તમોએ હાથે કરીને તમારા ગજા ઉપરાંત સંગ્રહવૃત્તિની ભાવનાએ પ્રયત્ન કર્યો હતો, લાખોને ગરીબ બનાવી શ્રીમંત બનવાની તમારી લાલસા હતી, એટલે જ તેમ થવા પામ્યું છે. જ્યારે તમો તમારા માર્ગને ભૂલો એટલે કુદરત તમારી ભૂલને સુધારવાનો પ્રયત્ન કરે તેમાં ખોટું શું?

તમે ભોગી બનો એટલે રોગ આવી પડકાર કરે કે વીરા! હવે ચેતી જાઓ. મિષ્ટાન્ન અને માલપાણી બધા તમારી સામે ખાય અને તમારે મોઢે તાળું પડે! તમે ખરચાળુ કે ઉડાઉ બની જાઓ એટલે લેણદારનો તકાદો મોકલવામાં આવે, જે તમારી પાસે [illegible] ખુશામત કરતા હતા તે લેણદાર બને! તમે સત્તાના અધિકારનો દુરુપયોગ કરો કે, તમને નીચા પાડી કુદરત સમજાવી દે! તમને વહીવટ કરવા આપેલી દોલતનો સંતાન માટે સાત પેઢી સુધી ચાલે તેટલો વધારો કરવામાં સત્ય અને ન્યાયને નેવે મૂકો, એટલે સંતતિ ચાર પણ નહિ! તમે ઉદારતા છોડી કૃપણ બનો એટલે ધન ચોરીથી લૂંટાઈ જાય, કરબાદ પડે, પેઢીમાં ખોટ જાય, છોકરા કુપાત્ર થઈ વેડફી નાખે! આ બધું થાય તેમાં પ્રારબ્ધનો બિચારાનો શો દોષ?

તમોને પરાધીનતા છે જ નહિ, છતાં પગાએ જાળમાં પટકાઓ તેમાં ભૂલ કોની?

તાત્વિક રીતે દુઃખ એ ભૂલની શિક્ષા અને દુઃખ એ જ વિકાસ પથે જવાનો દીપક છે. એથી જ મહાત્મા તુલસીદાસ કહે છે કે,

सुख के माथे शिल पड़ो, विसर जावे राम ।
बलिहारी वो दुखकी, पलपल समरे राम ॥

સારાંશ કે આજે આપણી પાસે જે સાધનો છે તેટલાં વિકાસના માર્ગ માટે બહુ પૂરતાં છે. માત્ર દિશાનો પલટો જોઈએ. ભાવનાનો ઘાટ બદલી નાખવો જોઈએ. પછી તો લંગોટી પહેરી હશે, તો રાજમુકુટ બની જશે. લુખી જમીનમાં મળી જાય અમીના ઓડકાર આવવા માંડશે. તૃષ્ણાને ત્યાગો, એટલે ઋદ્ધિ અને સિદ્ધિઓ સહેજે ઉભરાઈ નીકળશે. નિર્ભય બન્યા કે પરાધીનતા પ્લાવન કરી જશે. મમતા છોડી, કે જગત આખું ચરણે ઢળશે. ભોગો દૂર કર્યા કે, આરોગ્ય આવી જશે. ઘટ ખુલ્યું કે, શાસ્ત્રોનો સાર હાથ લાગી જશે. શાસ્ત્રોના જ્ઞાનની ત્યાં વિસાત શી છે ? શાન્તિ, સુખ કે આનંદ જે કંઈ જોઈએ છે તે બધું મળી રહેશે.

એ બધાનું મૂળ સંતોષ છે. સંતોષ સદ્વિચાર અને આત્મચિંતનથી ઉદ્ભવે છે. સદ્વિચાર એ સત્સંગ કે સદ્વાંચનનું પરિણામ છે.

માટે હંમેશાં સદ્વાંચન કરતા રહો, અને સારા વિચારો ઘડતા રહો એજ તમારા વિકાસનો રાજમાર્ગ છે; અને એ માર્ગ તમારી પાસે જ છે જરા પીઠ ફેરવો અને પ્રયાણ કરો. આ જીવનયાત્રા તો તમારો અંતિમ ધ્યેયે પહોંચાડી તમને અડોલ, અમર અને અભય કરી મૂકશે.

પૂર્ણાહૂતિ શાન્તિ—સદન અમદાવાદ.	મંગલપ્રભાત તા. ૨૮-૮-૧૯૩૪ ૐ શાન્તિ:—શાન્તિ:—શાન્તિ 'સંતબાલ'